**આજનો સુવિચાર**

જો તમે દરેક પરિસ્થિતિમાં ખુશ છો તો તમે દુનિયાની સૌથી ખુશ વ્યક્તિ છો !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯૯ જૂનાગઢ તા.૦૯-૦૪-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 99, Junagadh : Date : 09 April, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## રાજ શેખાવતની અટકાયત : કમલમ્ પોલીસ છાવણીમાં ફેરવાયું



### રાજ શેખાવતે આત્મવિલોપનની ધમકી આપી : અમદાવાદ એરપોર્ટ પર અંધાધુંધીનાં દ્રશ્યો સર્જાયા : પોલીસ સાથે ઘર્ષણ

અમદાવાદ તા. ૯

એક અપેક્ષિત ઘટનાક્રમમાં અખિલ ભારતીય કરણી સેનાનાં અધ્યક્ષ રાજ શેખાવતની ગુજરાત પોલીસે અમદાવાદ એરપોર્ટથી અટકાયત કરી લીધી છે. ગાંધીનગર કોબા સર્કલ સ્થિત ભાજપનાં મુખ્ય કાર્યાલય કમલમ્ ખાતે કાર્યક્રમ આપવા જઈ રહેલ રાજ શેખાવતની ગુજરાત પોલીસે અટકાયત કર્યા બાદ તેમને પોલીસ હેડકવાર્ટર લઈ જવામાં આવ્યા છે. પોલીસ હેડકવાર્ટર ખાતે રાજ શેખાવતને નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા છે. અટકાયત કરતી વખતે ગુજરાત પોલીસ અને રાજ શેખાવત વચ્ચે ઝપાઝપી થઈ હતી અને એક તબક્કે રાજ શેખાવતની પાઘડી નીકળી ગઈ હતી તેથી તેઓ ગુસ્સે થયા હતા અને ભારે બૂમાબુમ કરી હતી. તે દરમ્યાન રાજ શેખાવતે આત્મવિલોપનની ચિમકી પણ આપી હતી. શેખાવત અને પોલીસ વચ્ચેનાં ઘર્ષણનાં દ્રશ્યોનાં સોશિયલ મીડીયા અને ન્યુઝ ચેનલો પર વાયરલ થયા હતા. બીજી તરફ ગાંધીનગર સ્થિત ભાજપનું મુખ્યાલય કમલમ્ પોલીસ છાવણીમાં ફેરવાયું છે. અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં લોખંડી બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે. આજના ઘટનાક્રમ બાદ પરિસ્થિતિ વધુ વણસે તેવા સંકેતો મળી રહયા છે. રાજ શેખાવતની ધરપકડ બાદ ક્ષત્રીય સમાજ કેવી પ્રતિક્રિયા આપે છે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે.

## આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ મંદિરોમાં ભીડ

અમદાવાદ તા. ૯

હિન્દુ પંચાંગનો પહેલો મહિનો તેમજ મા દુર્ગાની ભક્તિ અને આરાધનાના પર્વ ચૈત્રી નવરાત્રિનો આજે પ્રારંભ થતાં શક્તિપીઠ એવા અંબાજી અને પાવાગઢ મહાકાળી મંદિરે વહેલી સવારે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ માતાજીનાં દર્શને પહોંચ્યા હતા. અંબાજી ખાતે ભક્તો વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં દર્શન કરવા આવતા હોય છે. ત્યારે ચૈત્રી નવરાત્રીનું અનેરું મહત્ત્વ હોય છે. અંબાજી મંદિરમાં ભક્તો ગરબે રમતા અને આરાધના કરતા જોવા મળી રહ્યા છે. જ્યારે પાવાગઢ મહાકાળી મંદિરે શ્રી કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ શ્રદ્ધાળુઓને શુભેચ્છાઓ આપી હતી. તો વહીવટીતંત્ર સાથે મળી નવ દિવસ સુધી આવનારા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે તમામ સુવિધાઓ કરવા પ્રતિબદ્ધ હોવાનું પણ જણાવ્યું છે. અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું છે.

## શેરબજારમાં તોફાની તેજી : સેન્સેક્સ ૭૫૦૦૦નાં સ્તરને કુદાવી ગયો



મુંબઈ તા. ૯

આજે ચૈત્રી નવરાત્રિના પ્રારંભની સાથે જ શેરબજારમાં તોફાની તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ પહેલીવાર ૭૫,૦૦૦ની સપાટીને પાર કરી ગયું છે. સેન્સેક્સે ૭૫,૧૨૪ની ઓલ ટાઈમ હાઈ બનાવી છે અને નિફ્ટીએ ૨૨,૭૬૫ની ઓલ ટાઈમ હાઈ બનાવી છે. શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬માં વધારો અને ૪માં ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય માર્કેટ કેપ પણ પ્રથમ વખત ૪૦૦ લાખ કરોડને પાર થઈ ગયું છે. માર્ચ ૨૦૧૪માં માર્કેટ કેપ પ્રથમ વખત ૧૦૦ લાખ કરોડ થયું હતું. જે એક દાયકામાં ચાર ગણું વધી ગયું છે.

ચૂંટણીને લઈને બજારને આશા છે કે ફરી એકવાર ભાજપ સરકાર સત્તામાં આવશે, જેના કારણે તેજી જોવા મળી રહી છે.

વિદેશી રોકાણકારોએ છેલ્લા સત્રમાં શેરબજારમાં રૂ. ૧,૬૫૯.૨૭ કરોડનું રોકાણ કર્યું છે, જેની બજારના સેન્ટિમેન્ટ પર સકારાત્મક અસર પડી છે.

બજારમાં આવેલી તેજીને કારણે BSE-લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૦૦ લાખ કરોડને પાર સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયું છે. BSE-લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ગયા વર્ષે જુલાઈમાં રૂ. ૩૦૦ લાખ કરોડના આંકડા પર પહોંચી ગયું હતું.

શેરમાર્કેટમાં કંપનીઓનું માર્કેટકેપ પહેલી વખત ૪૦૦ લાખ કરોડ ક્રોસ થયું છે જેમાં ગુજરાતી કંપનીઓનું સરેરાશ ૧૨ ટકાથી વધુ યોગદાન રહ્યું છે. જેમાં ગુજરાતની ટોચનું અદાણી ગ્રુપનું જ માર્કેટકેપ ૧૭ લાખ કરોડથી વધુ રહ્યું છે. ત્યારબાદ સનફાર્મા, ટોરેન્ટ, બેંક ઓફ બરોડાનું સૌથી વધુ માર્કેટકેપ રહ્યું છે. માર્કેટમાં હાલ તમામ પરિબળો હકારાત્મક છે. સ્થિર સરકારની આશા સાથે હજુ પાંચ ટકા વધુ રેલી આવી શકે છે. બીજી તરફ, ઘરેલુ બચત વધારે છે. તેનાથી બજારને સપોર્ટ મળશે. આરબીઆઈએ ૨૦૨૪-૨૫માં ૭ ટકા ગ્રોથનો અંદાજ વ્યક્ત કર્યો છે. વાસ્તવિક આંકડો ૭.૫ ટકા સુધી જઈ શકે છે. ઉનાળામાં મોંઘવારી વધવાની આશંકા છે. પણ અસર બે મહિના સુધી રહેશે. કારણ કે સારા ચોમાસાનો અંદાજ છે.

### ૧૯ એપ્રિલે યોજાનારા પ્રથમ તબકકાનાં મતદાનમાં
## ૧૦૨ બેઠકો પર ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં : નિરસ માહોલ

નવી દિલ્હી તા. ૯

દેશમાં હાલ મનાવવામાં આવી રહેલા ચુંટણી પુર્વેના પ્રથમ તબકકાના તા.૧૯ એપ્રિલે યોજાનારા મતદાનમાં આવરી લેવાયેલી ૨૧ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોથી ૧૦૨ લોકસભા બેઠકોમાં ચુંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. કુલ ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે જો કે હવે મતદાનને ૧૦ દિવસનો સમય બાકી રહ્યો છે પરંતુ ચુંટણીમાં ગરમી જોવા મળતી નથી. ખાસ કરીને મતદારોને ભારે ઉદાસીનતા જોવા મળી છે. સૌથી વધુ ઉમેદવાર તામિલનાડુની કરૂર બેઠક પર ૫૪ લોકો દિલ્હી પહોંચવા તેમના નસીબને દાવ પર મુકાયું છે તો ઓછા નાગાલેન્ડની એક માત્ર બેઠક પર ત્રણ ઉમેદવારો જ મેદાનમાં છે.

આ ચુંટણીમાં સૌથી રસપ્રદ જંગ તામિલનાડુમાં તમામ ૩૯ બેઠકોને આવરી લેવામાં આવી છે અને તો ઉતરપ્રદેશની ૮ બેઠકો પર મતદાન થશે. આ ચુંટણીમાં કેન્દ્રીયમંત્રી નિતીન ગડકરી, અર્જુન મેઘવાલ, કિરેન રિજજુ, પુર્વ રાજયપાલ તિમિલી સાઈ સુંદરરાજન, કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનાવાલ, ભુપેન્દ્ર યાદવ પણ મેદાનમાં છે તો વિપક્ષએ નુકુલ કમલનાથ, અગાશા સંગ્મા, રાહુલ કસ્વા, ગૌરવ ગોગોઈ પણ લોકસભામાં પ્રવેશ માટે પ્રતિષ્ઠાના જંગમાં સામેલ છે.

### કેન્દ્રીય નાણામંત્રી સીતારામનનાં પતિ અને જાણીતા અર્થશાસ્ત્રી પ્રભાકરનો દાવો
## સરકાર દેશનું બંધારણ - નકશો બદલી નાખશે : ફરી ચૂંટણી જ નહી થાય

### નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી હેટ સ્પિચ આપશે : મણીપુર જેવી સ્થિતિ સમગ્ર દેશમાં જોવા મળશે : સૌથી મોટો ખતરો ઉભો થશે

નવી દિલ્હી તા. ૯

જાણીતા અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે દાવો કર્યો છે કે જો ભાજપ આ વર્ષની લોકસભા ચૂંટણી જીતશે તો દેશમાં ફરીથી ચૂંટણી નહીં થાય. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ પરકલાનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. દેશની મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસે ખુદ પરકલા પ્રભાકરના નિવેદનનો વીડિયો શેર કર્યો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સમગ્ર દેશમાં મણિપુર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૧.૪૯ મિનિટનો લાંબો વિડિયો શેર કર્યો છે અને સમગ્ર દેશમાં લદાખ-મણિપુર જેવી સ્થિતિ સર્જાશે - પરકલા પ્રભાકર. કોંગ્રેસે કહ્યું કે, 'પરકલાજી એક જાણીતા અર્થશાસ્ત્રી છે અને નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ છે.'

વાસ્તવમાં, અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે એક યુટ્યુબ ચેનલને ઈન્ટરવ્યુ આપ્યો હતો, જયાં તેમને પૂછવામાં આવ્યું હતું કે જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં ત્રીજી વખત સરકાર બનશે તો શું થશે આના જવાબમાં તેમણે કહ્યું, 'જો આવું થાય છે, તો એવી સંભાવના છે કે તમે બીજી ચૂંટણીની અપેક્ષા ન રાખી શકો. જો ૨૦૨૪ની ચૂંટણી પછી આ સરકાર પાછી આવે છે, તો તે પછી કોઈ ચૂંટણી નહીં થાય.'

પરકલા પ્રભાકરને વધુમાં એવો પણ દાવો કર્યો હતો કે, નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી હેટસ્પિચ આપશે, સમગ્ર દેશમાં મણિપુર જેવી સ્થિતિ જોવા મળશે અને સૌથી મોટો ખતરો ઉભો થશે. પ્રભાકરનનાં આ ઈન્ટરવ્યુ એ ભારે ચકચાર મચાવી દીધી છે.


## આજે CAA મામલે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી તા.૯ : નાગરિકતા સંશોધન અધિનિયમ અને નાગરિકતા સંશોધન નિયમો ૨૦૨૪ પર પ્રતિબંધ મૂકવાની માંગને લઈને સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવશે. CAA વિરુદ્ધ ૨૩૭ અરજીઓ કરવામાં આવી છે. જેમાંથી ૨૦ પિટિશનમાં કાયદા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યોની બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે. તેમાં ચીફ જસ્ટીસ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રા સામેલ છે. આ કેસની છેલ્લી સુનાવણી ૧૯ માર્ચે થઈ હતી. ત્યારબાદ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી. કોર્ટે સરકારને ૩ અઠવાડિયામાં જવાબ રજુ કરવાનો આદેશ આપ્યો હતો. ખંડપીઠે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ૮ એપ્રિલ સુધીમાં સોગંદનામું રજુ કરવું જોઈએ. કેન્દ્રએ ૧૧ માર્ચે CAA નોટિફિકેશન બહાર પાડ્યું હતું. ત્યારથી તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદાથી પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી ભારત આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી શરણાર્થીઓને નાગરિકતા મળશે. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ, આસામ કોંગ્રેસના નેતા દેબબ્રત સૈકિયા, આસામ જ્ઞાતિવાદી યુવા છાત્ર પરિષદ, ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા આ કાયદા સામે અરજી દાખલ કરવામાં આવી છે.

## ફરી એકવાર પન્નુએ ભારત વિરૂધ્ધ ઝેર ઓકયું

નવી દિલ્હી, તા.૮ : ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ પન્નુએ ફરી એકવાર ભારત વિરૂદ્ધ ઝેર ઓક્યું છે. પન્નુએ એક વીડિયો જાહેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ.જયશંકરને પડકાર ફેંક્યો છે. વીડિયોમાં પન્નુએ મોદી સરકાર સામે મોરચો ખોલવા અને ૧૯મી એપ્રિલથી શરૂ થઈ રહેલી લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન મોદી વિરુદ્ધ ષડયંત્ર રચવાની વાત કરી છે. પન્નુના લગભગ ત્રણ મિનિટના લાંબા વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ સિંહના નિવેદનો પણ બતાવવામાં આવ્યા છે. જેમાં એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, 'જે કોઈ ભારત વિરુદ્ધ ષડયંત્ર રચવાનો પ્રયાસ કરશે તેની સામે સરકાર કડક કાર્યવાહી કરશે. એક રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન મોદી કહી રહ્યા છે કે આજનું ભારત નવું ભારત છે, જે પણ ભારત વિરુદ્ધ કામ કરે છે તેના ઘરમાં ઘૂસીને મારશે. આ ઉપરાંત પન્નુંએ પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસના લોકોને ચૂંટણી રેલીઓમાં ભાજપના નેતાઓ વિરોધ કરવા અપીલ કરી છે.

## ભાજપનાં જ નેતાઓએ રૂપાલા વિરૂધ્ધ ક્ષત્રીય આંદોલન ભડકાવ્યું : ગુપ્તચર એજન્સીની તપાસમાં ઘટસ્ફોટ



અમદાવાદ તા. ૯

ગુપ્તચર એજન્સીએ કરેલી તપાસમાં, એક આઈપીએસ અધિકારી અને ભાજપના કેટલાક નેતાનુ જોડાણ સામે આવતા જ સરકાર ચોંકી ઉઠી છે. પરંતુ સરકાર માટે દ્વિધા છે કે, ચૂંટણી ટાણે આંદોલનને ભડકાવવામાં વરવી ભૂમિકા ભજવનારા નેતા સામે આકરા પગલા ભરવા કે રુપાલાની સામે ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનને ડામવું. રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની વિરુદ્ધમાં આંદોલનને ઉગ્ર બનાવવા માટે ભાજપના જ નેતાનો હાથ હોવાનું સામે આવતા રાજ્ય સરકાર ચોંકી ઉઠી છે. અમદાવાદમાં ભાજપના ક્ષત્રિય આગેવાનો અને ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ વચ્ચે યોજાયેલી બેઠક અનિર્ણાયક રહેતા, સરકારની ગુપ્તચર એજન્સી કામે લાગી હતી. ગુપ્તચર એજન્સીએ, ક્ષત્રિય આંદોલન પાછળ દોરીસંચાર કરનારાને ખુલ્લા પાડવાનો પ્રયાસ કર્યો છે. સૌરાષ્ટ્રના રાજકોટથી શરુ થયેલ, ભાજપના ઉમેદવાર પરસોત્તમ રુપાલાની વિરુદ્ધનું આંદોલન રાજ્યવ્યાપી બનાવવા માટે ભાજપના જ નેતાનો હાથ હોવાનું સામે આવ્યું છે. સૂત્રોએ ગુપ્તચર એજન્સીના અહેવાલોને ટાંકીને જણાવ્યું હતું કે, ૨ મહિલા અને ૨ પુરુષ અને ૧ યુવા આગેવાનને આંદોલન ભડકાવવા માટે આર્થિક મદદ પુરી પાડવામાં આવી છે. પરશોત્તમ રૂપાલા વિરૂધ્ધ આંદોલન ચલાવતા નેતાઓ પૈકી કેટલાકને આ આંદોલનને વધુ ઉગ્ર બનાવીને રાજયવ્યાપી કરવા માટે આર્થિક મદદ કરવામાં આવી રહી છે. ગુજરાત પોલીસ પાસે ક્ષત્રીય આંદોલનને ગેરમાર્ગે દોરવવાની રજેરજની માહિતી હોવાનું સામે આવ્યું છે.

## અમેરીકામાં અપહૃત ભારતીય વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો

વોશિંગ્ટન તા. ૯


અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના સતત વધી રહેલા રહસ્યમય મોત- હત્યા અને આત્મહત્યામાં છેલ્લા ત્રણ સપ્તાહથી ગુમ જાહેર થયેલા હૈદરાબાદ ૨૫ વર્ષીય વિદ્યાર્થી મોહમ્મદ અબ્દુલ અરાફતનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા હવે આ મુદ્દે ભારત સરકારે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકાની કલેવેન્ડર સ્ટેટ યુનિ.માં તે માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરી રહ્યો હતો અને તે છેલ્લા ત્રણ સપ્તાહથી ગુમ હતો. અમેરિકી એજન્સીઓ તેની શોધખોળ કરતા અંતે ઓહિયામાં એક સ્થળેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.









# આવતીકાલે ચેટીચંદ પર્વની ઉજવણી કરાશે


આપણા ભારતીય ધર્મગ્રંથોમાં કહેવાયું છે કે જયારે ધરતી પર અત્યાચાર અને અધર્મ વધે છે, આસુરી વૃત્તિઓ માઝા મૂકે છે અને માનવીય મૂલ્યોનો લોપ થાય છે ત્યારે ત્યારે ઈશ્વર કોઈને કોઈ રૂપે પૃથ્વી પર અવતરિત થઈને ધર્મ ની રક્ષા કરે છે. ભગવદગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહયુ છે કે જયારે જયારે ધરતી પર ધર્મ દુર્લભ થાય છે અને અધર્મ સબળ બને છે ત્યારે હું ધર્મની રક્ષા માટે જન્મ લઉં છું. આવા જ એક ધર્મરક્ષક સર્વધર્મ સમભાવની લાગણીને સમાજમાં ફેલાવવા -અને ધર્મની રક્ષા કરવા ચૈત્રમાસની બીજના દિવસે અવતરિત થયા તે ભગવાન ઝુલેલાલ. ભગવાન ઝુલેલાલના અવતરણની કથા જાણવા જેવી છે. સિંધ પ્રદેશમાં મિરખ શાહ નામે રાજા રાજ કરતો હતો. તે ખૂબ દંભી, અસહિષ્ણુ અને ક્રૂર હતો. તે પોતાની પ્રજા પર અત્યાચાર ગુજારતો અને ધર્મપરિવર્તન કરવા માટે તેમને વિવશ કરતો. આમ પ્રજા આવા રાજાથી ખૂબ ત્રાહિત હતી અને આ ક્રૂર રાજા ના અત્યાચારમાંથી મુકિત મેળવવા ઝંખતી હતી. તેથી પ્રજાએ મુકિત મેળવવા ઈશ્વરનું શરણું લીધું. સિંધુ નદીના તટે તેમણે જપ તપ કર્યું, પ્રભુનું સ્મરણ કર્યું. પ્રજાનો આર્તનાદ સાંભળી વરૂણ દેવે મત્સ્ય એટલે કે માછલી ઉપર સવાર થઈને દર્શન આપ્યા અને એવી આકાશવાણી થઈ કે પ્રજાના દુઃખ હરવા પ્રભુ નસરપુરના રતનરાય અને દેવકીના ઘરે જન્મ લેશે અને તે બાળક સૌની મનોકામના પૂર્ણ કરશે. સમય વીતતાં નસરપુરના ઠાકુર રતનરાયના ઘરે દેવકીનીકૂખે ચૈત્ર સુદ બીજ શુક્રવારના દિવસે એક તેજસ્વી બાળક નો જન્મથયો. તેનું નામ રખાયું ઉદયચંદ. આ દૈવી બાળકના જન્મની મિરખશાહને જાણ થઈ ત્યારે પોતાનો અંત નજીક છે એમ માની બાળકને મારી નાખવાની યોજના તેણે બનાવી. બાદશાહ મિરખશાહ પોતાના સૈન્યને લઈ રતનરાયને ઘરે પહોચ્યો અને બાળકને પકડવા પ્રયત્ન કર્યો પરંતુ ભગવાન ઝુલેલાલજીએ પોતાની કરામત બતાવી અને અદશ્ય થઈ ગયા. તેમની સામે મિરખશાહની ફોજની તાકાત પાંગળી બની ગઈ. તેમને સિહાંસન પર બિરાજેલ ઉદયચંદ એટલે કે ઉદેરોલાલના દિવ્યપુરુષના રૂપમાં દર્શન થયા. જૂનાગઢની સરસ્વતી સ્કૂલના સંચાલકો વધુમાં જણાવે છે કે ઉદેરોલાલે કિશોર અવસ્થામાં જ પોતાનું દેવી પરાક્રમ દર્શાવી જનતાને આશ્વસ્ત કરી. ઉદેરોલાલે બાદશાહને સંદેશો મોકલ્યો કે શાંતિ જ પરમસત્ય છે પરંતુ બાદશાહ મિરખે ફરી ઉદેરોલાલ પર આક્રમણ કર્યું. બાદશાહનો પરાજય થયો અને તેણે ઉદેરોલાલનાં ચરણોમાં સ્થાન માગ્યું. ઉદેરોલાલે તેને સર્વધર્મ સમભાવનો સંદેશ આપ્યો અને મિરખશાહ ઉદયચંદનો શિષ્ય બની ધર્મ પ્રચારના કાર્યમાં જોડાઈ ગયો. ભગવાન ઝુલેલાલજીને જળ અને જયોતિ એટલે કે અગ્નિના અવતાર માનવામાં આવે છે. તેમનુ વાહન માછલી છે. ભકતો તેમને ઉદેરોલાલ, ઘોડેવારો, જિન્દપીર, લાલસાંઈ, પલ્લેવારો, જયોતિનવારો, અમરલાલ વગેરે નામથી પણ પૂજે છે. ઝુલેલાલ સાહેબ જળ અને અગ્નિનો અવતાર છે તેથી ચેટીચાંદ નિમિત્તે કાષ્ઠનું (લાકડાનું) મંદિર બનાવીને તેમાં સવાકિલો લોટ બાંધી તેનું કોડિયું બનાવી લાકડાના મંદિરમાં તે કોડિયું મૂકી તેમાં ચાર જયોત પ્રગટાવવામાં આવે છે. આ મંદિરને બરિહાણા સાહેબ પણ કહેવામાં આવે છે. મંદિરને શ્રધ્ધાળુ ભકતો ચેટીચાંદના દિવસે માથા પર ઉંચકી વરુણદેવની સ્તુતિ કરે છે. મંદિરને લઈ તેમાં ઝુલેલાલજીની મૂર્તિ સ્થાપિ તેને ઘરેઘરે ફેરવે છે. બીજા દિવસે મંદિરમાં પ્રગટાવેલ દીવો દરિયા માં પધરાવી દેવામાં આવે છે.આ દિવસે વેપારીઓ નવા ચોપડાઓનાં શ્રી ગણેશ કરે છે. ચેટીચંડને સિંધી સમાજ સિંધી દિવસ તરીકે પણ ઉજવે છે. ચેટીચાંદના બીજા દિવસે મોટું સરઘસ પણ કાઢવામાં આવે છે. પ્રસાદ અને શરબતની લહાણી પણ થાય છે. ઝુલેલાલ મંદિરોમાં ભોજનનું આયોજન પણ કરવામાં આવે છે. માત્ર ગુજરાત માં જ નહીં પરંતુ સંપૂર્ણ વિશ્વમાં ચેટીચંડ (ચેટીચાંદ)નો તહેવાર પરંપરાગત હર્ષોલ્લાસ સાથે મનાવાય છે.સિંધપ્રાંતમાં ખૂબ રંગેચંગે ચેટીચાંદ ઉજવાય છે.

આ ઉત્સવ સર્વધર્મ સમભાવના પ્રતીક સમાન છે.

- આપ સૌને ચેટીચાંદની શુભકામનાઓ

**સંકલન : સરસ્વતી હાઈસ્કુલ, જૂનાગઢ**





## વાઘેશ્વરી માતાજીનાં દર્શનનો લાભ લેતા ભાવિકો

જૂનાગઢ તા. ૯ : ચૈત્રી નવરાત્રીનાં પ્રારંભે આજે ભવનાથ તળેટી વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિરે વિશેષ પુજાનાં કાર્યક્રમો યોજાયા હતાં અને ભાવિકોએ માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. (તસ્વીર : જયેશ મહેતા)

## જૂનાગઢમાં દારૂની મહેફીલ માણતા ચાર ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં દારૂની મહેફીલ માણતા ચાર વ્યક્તિઓને એક દુકાનમાંથી ઝડપી લઈ અને તેમના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, તા.૮-૪-૨૦૨૪ કલાક ૨૦:૪૫ના અરસામાં રાણાવાવ ચોકમાં આવેલ પુનિત શોપીંગ સેન્ટરમાં પહેલા માળે દુકાન નં-૧૦૯, આસ્થા મોડેલીંગ સ્ટુડીયો નામની દુકાનમાંથી પોલીસે ચોક્કસ બાતમીના આધારે તપાસ કરતા ચાર વ્યક્તિઓને દારૂની મહેફીલ માણતા કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી લીધા છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ રાજેશ પરબતભાઈએ નૈનીશભાઈ સુર્યકાંતભાઈ તૈલી લોહાણા (ઉ.વ.૪૭) રહે.સરદારપરા, દિપ કિરણ એપાર્ટમેન્ટ, બ્લોક નં-૬, જોષીપરા, પાર્થભાઈ જગદિશચંદ્ર પંડયા બ્રાહ્મણ(ઉ.વ.૩૩) રહે.મધુરમ, ગોપાલધામ, બ્લોક નં-૨૯, રવિભાઈ મેરખીભાઈ ભારાઈ (ઉ.વ.૨૦) રહે.નાંદરખી, દિવ્યેશભાઈ નારણભાઈ વઘાસીયા પટેલ (ઉ.વ.૪૮) રહે.શ્રીધરનગર, ત્રિવેણી એપાર્ટમેન્ટ, બ્લોક નં-૩૦૩ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ગે.કા. રીતે ઈંગ્લીશ પીવાના દારૂની મહેફીલ માણતા કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવી પકડાઈ જઈ અને આ ચારેય ઈસમોની મહેફીલમાંથી ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમએલની ખાલી બોટલ નંગ-૧ની તથા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલનું શીલપેક ચપટુ(બોટલ) નંગ-૧ કિ.રૂા.૧૦૦ના પ્રોહી મુદ્દામાલ તથા પ્લાસ્ટીકના ગ્લાસ નંગ-૪ તથા બાઈટીંગની પ્લાસ્ટીકની કોથળીઓ નંગ-૩ મળી કુલ રૂા.૧૦૦ના મુદ્દામાલ સાથે મળી આવી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિ કલમ ૬૫ એએ, ૮૩, ૮૪, ૮૬, ૬૬(૧) બી મુજબ ગુનો દાખલ કરેલ છે અને વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

### ભૂકંપ પણ બેઅસર, સૌથી ઉંચા બ્રિજની ખાસિયત

## ભારતમાં બન્યો એફિલ ટાવરથી પણ ઉંચો પૂલ



**ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે**

જમ્મુ, તા.૯

રેલવે નવી સરકાર માટે ૧૦૦ દિવસનો એક્શન પ્લાન તૈયાર કરી રહ્યું છે. આમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેકટના કટરા-બનિહાલ વિભાગનો પણ સમાવેશ થાય છે. ચિનાબ બ્રિજ આ વિભાગનો એક ભાગ છે.ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે. બ્રિજનું બાંધકામ તેના અંતિમ તબક્કામાં છે. આ બ્રિજ આ વર્ષે ખુલ્લો મુકાશે, ત્યારબાદ વાદળો વચ્ચે લોકો ટ્રેનમાં મુસાફરી કરી શકશે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ ચિનાબ બ્રિજની વિશેષતાઓ વિશે.ચિનાબ નદી પરનો પુલ નદીના પટથી ૩૫૯ મીટરની ઉંચાઈ પર બનાવવામાં આવ્યો છે. આ પુલ પેરિસના એફિલ ટાવરથી ૩૫ મીટર ઊંચો છે. ચિનાબ બ્રિજ એ એન્જિનિયરિંગની અદભૂત સિદ્ધિ છે કારણ કે તે ખૂબ જ ઊંચાઈએ આવેલા બે પર્વતોને જોડે છે. તેના દ્વારા જમ્મુ અને કાશ્મીરને રેલ દ્વારા દેશના બાકીના ભાગો સાથે જોડવામાં આવશે.બ્રિજ બનાવવા માટે ૯૩ ડેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાંથી દરેકનું વજન ૮૫ ટન છે. આ ડેક ધીમે ધીમે પુલના બંને ભાગોમાંથી સ્ટીલની કમાનો પર ફીટ કરવામાં આવે છે. ડેક તે વસ્તુ કહેવાય છે જે પુલની ટોચ પર નાખવામાં આવે છે, જેથી તેના પર પાટા બિછાવી શકાય.રેલવે દ્વારા બનાવવામાં આવેલ ચિનાબ પુલ પર ભૂકંપ પણ બિનઅસરકારક રહેશે, ના તો વિસ્ફોટોથી તેની અસર થશે. ચિનાબ બ્રિજ બ્લાસ્ટ પ્રૂફ છે. એટલું જ નહીં પરંતુ આટલી ઉંચાઈ પર હોવા છતાં તે ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનનો સામનો કરી શકે છે.હિમાલયના સૌથી પડકારરૂપ વિસ્તારોમાં બનેલા ચિનાબ બ્રિજ પરથી ટ્રેન ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થઈ શકે છે. ૧૨૦ વર્ષથી આ પુલનું કંઈ થવાનું નથી. આવી સ્થિતિમાં, લોકો એક સદીથી વધુ સમય સુધી વાદળોની વચ્ચે મુસાફરી કરી શકશે.ચિનાબ બ્રિજ તૈયાર કરવાનું કામ કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

રેલવેએ કહ્યું કે બ્રિજને તૈયાર કરવામાં ૧૪૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પુલના નિર્માણ પહેલા, સ્થળ સુધી પહોંચવા માટે ૨૬ કિમી લાંબા એપ્રોચ રોડ અને ૪૦૦ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી હતી.

## પત્નીના રીલ બનાવવાથી દુઃખી સરકારી કર્મચારીનો આપઘાત

રાજસ્થાન , તા.૯

રાજસ્થાનના અલવરમાં આ કરૂણ બનાવ બન્યો હતો. પતિએ ઘણીવાર પત્નીને રીલ ન બનાવવા કહ્યું હતું પરંતુ પત્ની માનતી ન હતી. જેને પગલે બંને વચ્ચે જોરદાર ઝઘડો થતા પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. અંતે પરેશાન પતિએ આત્મહત્યા કરી લીધી. આપઘાત કરતા પહેલા યુવકે સોશિયલ મિડીયા પર લાઈવ થઈને અશ્લિલ કોમેન્ટ કરનારા લોકોને જવાબ પણ આપ્યો હતો. પરિવારમાં આ બાબતને લઈને થતા ઝઘડા ગે પણ કહ્યું હતું. રૈણી થાણા વિસ્તારના નાંગલબાસ ગામમાં રહેતા સિધ્ધાર્થ દૌસા સ્વાસ્થય વિભાગમાં એલડીસી પદે ફરજ બજાવતો હતો. દોઢ વર્ષ પહેલા પિતાની જગ્યાએ તેને નોકરી મળી હતી. સિધ્ધાર્થના માયા નામની યુવતી સાથે લગ્ન થયા હતા. ૫ એપ્રિલે સિધ્ધાર્થે આપઘાત કરતા તેના પરિવારજનોએ ૬ એપ્રિલના રોજ એફઆઈઆર દાખલ કરાવી હતી. માયાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. તે સોશિયલ મિડીયા પર રીલ બનાવીને મુકતી હતી. જેમાં અશ્લિલ કોમેન્ટને કારણે સિધ્ધાર્થ પરેશાન હતો. જેને કારણે બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. દંપત્તીને ત્રણ દિકરી અને એક દિકરો છો. સિધ્ધાર્થે માયાને રીલ બનાવવા મનાઈ કરી તો તેમની વચ્ચે ઝઘડો થયો. અંતે માયા પિયર ચાલી ગઈ હતી. જેમાં માયાએ સિધ્ધાર્થ પર આરોપ લગાવીને પોલીસમાં ફરિયાદ કરી હતી. કહેવાય છે કે સિધ્ધાર્થને દારૂની લત લાગી ગઈ હતી. જેને કારણે પણ બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. આત્મહત્યા કરતા પહેલા સિધ્ધાર્થ ઓનલાઈન આવ્યો હતો. તેણે કહ્યું કે તે પણ વિડીયો જોઈ રહી છે. સાંભળી લે , તુ છુટાછેડા લઈ લે. ચાર બાળકો મારી પાસે રહેશે. રતિરામ કોણ છે, હું તારો પતિ છું. હું કહીશ તે થશે. આજે હુ લાઈવ આવ્યો છું. પોતાના ભાઈને મરવા માટે છોડી દઉં. સોશિયલ મિડીયાના માધ્યમથી આ કહી રહ્યો હું મરી જઈશ. મારા ભાઈ અને તેન વચ્ચે લડાઈ ગઈ છે. કેવી રીતે થયું છે. હું મારા ભાઈની સાથે છું. મારી આઈડી અને મારૂ સીમ બધુ જ સાસરીયાઓ પાસે છે. કેટલાક લોકો મને ખોટો કહેશે. પરંતુ હું મારા ભાઈનો સાથ નહી છોડું. મારા મોત માટે જવાબદાર રતિરામ અને માયા છે. મારો ભાઈ સલામત છે. મારા પરિવારની લડાઈ હતી. એવું હું માનુ છું. પરંતુ એવું ન થવું જોઈએ કે કોઈને ફસાવી દેવાય. મેં મારા સાસરીયાના પગ પણ ઘણીવાર પકડ્યા. તેનાથી વધારે કંઈ કરવા માંગતો નથી.પરંતુ હું હવે ચુપ નહી રહું. આ પહેલા મેં ક્યારેય રીલ નથી બનાવી. પરંતું હવે હું મજબુરીમાં લાઈવ આવ્યો છું.

### ડૉ. હરિભાઈ ગોધાણી કેમ્પસ ખાતે

## ગુજરાત કોમન એડમિશન પોર્ટલ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન અને પ્રવેશ અરજી માટે ફ્રી હેલ્પ સેન્ટર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં વિવિધ સ્નાતક અભ્યાસક્રમો (**B.C.A., B.Sc., B.Com., B.B.A., B.A.,** વગેરે) તથા અનુસ્નાતક અભ્યાસક્રમો (**B.Ed., M.A., M.Com., M.Sc.,** વગેરે)માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીની બહેનો માટે તદન ફ્રી ઓનલાઈન રજીસ્ટ્રેશન તથા પ્રવેશ અરજી કરવા માટે ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસ, જોષીપુરા-જૂનાગઢ ખાતે હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. એડમિશન ઈચ્છુક વિદ્યાર્થીની બહેનોએ જરૂરી ડોક્યુમેન્ટ સાથે સવારે ૮ થી સાંજના ૫ સમય દરમ્યાન રૂબરૂ ઉપસ્થિત રહી ઓનલાઈન અરજી કરી, જરૂરી માર્ગદર્શન મેળવી શકશે. આ સુવિધા તદન ફ્રી હોય વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ લેવા જણાવેલ છે.

## બાંટવામાં તસ્કરોનો હાથફેરો રૂા.૬૦ હજારના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

બાંટવા ખાતે એક રહેણાંક મકાનમાંથી ચોરીનો બનાવ બનેલ છે. આ અંગે બાંટવા નગરપાલિકામાં કલાર્ક તરીકે નોકરી કરતા મનોજભાઈ ગોપાલભાઈ રાઠોડ (ઉ.વ.૫૪)એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી પોતાના દિકરાને રાજકોટ ખાતે મુકવા ગયેલ હોય તે વખતે મકાનના મેઈન દરવાજાનું તાળુ તોડી કોઈ ચોરે રૂમમાં પ્રવેશ કરી રૂમના દરવાજામાં બળ વાપરી દરવાજાનો નકુચો તોડી રૂમમાં પડેલ કબાટમાંથી રોકડા રૂા.૪૫,૦૦૦ તથા ચાંદીના(રાણી છાપના જુનાવાણી) સાત સિક્કા જે આશરે એક દોઢ તોલાના તથા ચાંદીની માળા આશરે એક તોલાની તથા ચાંદીની વિટી આશરે એક તોલાની મળી જેની કુલ કિ.રૂા.૫૦૦૦ તથા સોનાની કાનમાં પહેરવાની બુટી આશરે પાંચેક ગ્રામની જેની કિ.રૂા.૧૦,૦૦૦ તથા કપડાનો થેલો એમ મળી કુલ કિ.રૂા.૬૦,૦૦૦ના મુદ્દામાલની કોઈ ઈસમે ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બાંટવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદમાં આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટાનાં જુગારનો પર્દાફાશ : એક ઝડપાયો

જૂનાગઢ તા. ૯

હાલમાં સમગ્ર ભારતમાં આઈપીએલની ક્રિકેટ મેચ રમાઈ રહી છે ત્યારે અનેક શહેરોમાં ક્રિકેટ ઉપર સટ્ટો રમાતા હોવાનાં બનાવો બને છે ત્યારે જૂનાગઢ જીલ્લાનાં કેશોદ ખાતે આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટાનો જુગાર રમાતો હોવાની બાતમીનાં આધારે પોલીસે દરોડો પાડતાં કેશોદની આલાપ કોલોનીમાં રહેતો વિઠ્ઠલ હરસુખભાઈ પાઘડાર કેશોદમાં માંગરોળ રોડ ઉપર આવેલ પાન-બીડીની દુકાનમાં આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટની કોલકત્તા નાઈટ રાઈડર અને ચેન્નાઈ સુપર કીંગની ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતો હોવાની માહિતીનાં પગલે પોલીસે પાડેલા દરોડામાં વિઠ્ઠલ હરસુખને મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂા. ૭૨૦૦નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. વધુ પુછપરછમાં કેશોદનો દિવ્યેશ સીંધલ સાથે સોદા પાડતો હોવાનું ખુલતા આ ઈસમ વિરૂધ્ધ પણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોહલી સ્ટ્રાઈક રેટ કરતાં ઉપર છે, વર્લ્ડ કપમાં રમવું જોઈએ: લારા

નવી દિલ્હી, તા.૯

વિરાટ કોહલીએ તાજેતરમાં જ રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં ૬૭ બોલમાં સદી ફટકારી હતી. જે આઈપીએલના ઈતિહાસની સૌથી ધીમી સદી હતી. આમ આ આઈપીએલમાં માત્ર બે સદી નોંધાઈ છે અને બંને સદી એક જ મેચમાં જોવા મળી હતી. બ્રાયન લારાએ જણાવ્યું હતું કે મારા મતે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને શુભમન ગિલ મોખરાના ત્રણ બેટ્સમેન તરીકે હોવા જોઈએ.

### ગેરેજમાં કાર ચાલુ રાખીને એ.સી. ઓન કર્યુ હતું

## પોરબંદરમાં કારમાં ગુંગળાઈ જવાથી યુવક તથા સગીરાનાં રહસ્યમય મોત

**પોરબંદર પંથકમાં વાડી પ્લોટ વિસ્તારમાં ગેરેજમાં એક કારમાંથી યુવક તથા એક સગીરાના મૃતદેહ મળતા ચકચાર**

પોરબંદર, તા.૯

પોરબંદર પંથકમાં વાડી પ્લોટ વિસ્તારમાં ગેરેજમાં એક કારમાંથી યુવક તથા એક સગીરાના મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ હતી. બંનેના રહસ્યમય મૃત્યુ અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે. બંનેના મૃત્યુ કારમાં ગુંગળામણના કારણે મૃત્યુ થયાની શંકા વ્યક્ત કરાઈ છે. આ સાથે વધુ તપાસ શરૂ કરાઈ છે. આ ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારના એમ.જી. પ્રકાશ પાન સામેની ગલીમાં આવેલ ધનસ્વી સર્વિસ સ્ટેશનમાં રહસ્ય મોતની ઘટના સામે આવી છે. જેમાં એક યુવક અને સગીરાના મૃતદેહ કારમાંથી મળી આવ્યા છે. આ મામલે કમલાબાગ પોલીસ સ્ટેશનના પીઆઈ વિજયસિંહે મીડિયાને જણાવ્યું હતું કે બપોરના સમયે કંટ્રોલ રૂમથી જાણ થઈ હતી કે, શહેરના એમ.જી રોડ પ્રકાશ પાન સામેની ગલીમાં આવેલ એક સર્વિસ સ્ટેશનમાં યુવક તથા સગીરાના મૃતદેહ મળ્યા છે. ત્યારબાદ કમલાબાગ પોલીસે સ્થળ ઉપર જઈ કારમાં રહેલા યુવક યુવતીના મૃતદેહને પોરબંદરની સરકારી હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સના માધ્યમથી મોકલ્યા હતા. પ્રથમ દૃષ્ટિએ યુવક-યુવતીની હત્યા થઈ હોય તેવું જણાતું નથી. પરંતુ બંનેના પીએમ થયા બાદ ચોક્કસ કારણ બહાર આવશે. હાલ પોલીસ દ્વારા આ ઘટનાને પગલે સઘન તપાસ કરવામાં આવી રહી છે. આ બનાવમાં કારમાંથી મળેલા યુવક નિખિલ મસાણી (ઉ.૨૧) સાથે એક સગીરાનો મૃતદેહ પણ મળ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, યુવક-યુવતીના મૃતદેહો મળ્યાં, તે કારનું એન્જીન ચાલુ હતું અને કારનું એ.સી. પણ ચાલુ હતું. યુવક નિખિલ સર્વિસ સ્ટેશનમાં કામ કરતો હતો. જ્યારે સગીરા કોણ છે તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

## વિસાવદરમાં જુગાર રમતા ચાર ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

વિસાવદર પોલીસે ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા ચાર શખ્સોને રૂા.૬૨૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## ભેસાણમાં સીડી ઉપરથી પડી જતા હેમરેજ થઈ જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ જીલ્લાના ભેસાણમાં પરબ રોડ ખાતે રહેતા ડાયાભાઈ જેઠાભાઈ ચાચીયા(ઉ.વ.૫૫) સેન્ટીંગનું કામ કરતા હોય તે દરમ્યાન સીડી ઉપરથી પડી જતા તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને જેના કારણે માથામાં હેમરેજ થઈ જતા તેઓનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. ભેસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શીલના ચંદવાણા ગામે જુગાર દરોડો : ચાર ઝડપાયા

શીલ પોલીસે ચંદવાણા ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૧૨,૯૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં ચૂંટણી સંદર્ભે મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તાર માટે નિયંત્રણો જાહેર કરાયા

જૂનાગઢ,તા. ૯

ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ યોજાનાર છે.

આ ચૂંટણીઓ સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે મતદાનનાં દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦મીટરનાં વિસ્તારમાં જરૂરી નિયમનો જાહેર કરવા ઉચિત જણાય છે.

જૂનાગઢ જિલ્લા મેજીસ્ટ્રેટ અનિલ રાણાવસિયા એ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ અધિકારની રૂએ ચૂંટણી હેઠળનાં મતદાન મથકો તથા તેની આજુબાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા ફરમાવી છે. આ જાહેરનામા મુજબ (૧) મત માટે પ્રચાર કરવો નહિ.(૨) મતદારોને ધાકધમકી આપવી નહિ કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા નહિ.(૩)મતદારોને મત આપવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરવી નહિ.(૪)મતદારોને મત ન આપવા સમજાવવા નહિ.(૫) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી નહિ.(૬)સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અથવા અન્ય કોઈ વિજાણું સંદેશા વ્યવહારનાંસાધનો લઈ જવા નહિ.(૭)વાહનો સાથે લઈ જવા નહિ.(૮)મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, ચૂંટણી એજન્ટ તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ મતદાન મથકમાં પ્રવેશ કરવો નહિ.

અપવાદરૂપે ચૂંટણી ફરજ ઉપર રોકાયેલ સરકારી/અર્ધ સરકારી કર્મચારી અધિકારીશ્રીઓને આ જાહેરનામાનાં ખંડ ૬, ૭ તથા ૮ લાગુ પડશે નહિ.ઉકત જાહેરનામાનાં ભંગ સબબ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.તથા ગુન્હો સાબીત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા.૨૦૦/– સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનાં ભંગ બદલ ગુનો માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ તથાપોલીસ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરની કક્ષાનાં અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું લોકસભા સામાન્ય ચૂંટણી તથા વિધાનસભા પેટા ચૂંટણીનાં મતદાન દિવસે એટલે કેતા.૦૭/૦૫/૨૦૨૪ (પુનઃ મતદાન થાય તો તે દિવસ સહિત) નાં રોજ અમલમાં રહેશે.

# જૂનાગઢમાં આવેલ સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રીની ઉજવણી





જૂનાગઢ, તા.૯

જૂનાગઢ ના અતિપ્રાચીન શ્રી વાઘેશ્વરી-માતાજી મંદિરમાં વર્ષોની પરંપરાઓ મુજબ આ વર્ષે પણ માતાજીના ચૈત્રી નોરતા આજ તા.૯/૪/૨૦૨૪ મંગળવારથી તા.૧૭/૪/૨૦૨૪ બુધવાર દરમ્યાન ઉજવવામાં આવશે. માતાજીના ચૈત્રી નોરતા દરમ્યાન દરરોજ સાંજે ૭:૩૦થી ૯:૦૦ વાગ્યા સુધી મંદિરમાં માઈભક્તો દ્વારા બેઠા ગરબા ગવાય છે જેનો માઈભક્તોએ લાભ લેવો. તા.૧૩/૦૪/૨૦૨૪ શનિવારના રોજ આપણા જૂનાગઢના પ્રતિષ્ઠિત કલાકાર માઈભક્ત રાજુભાઈ ભટ્ટ, નીરૂબેન દવે તથા અવધ ભટ્ટ સાથી કલાકારો દ્વારા માતાજીના બેઠા ગરબા "ગુંજે ગુંજે ગૌરવના ગુંજાર" ગરબાનું આયોજન સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી રાખેલ છે જેનો માઈભક્તો એ લાભ લેવો.

માતાજીના ચૈત્રી નોરતાની આઠમ તા.૧૬/૪/૨૦૨૪ મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી યજ્ઞનો કાર્યક્રમ રાખેલ છે જેનું બીડું હોમવાનો સમય સાંજે ૫:૩૦ વાગ્યે રહેશે. ચૈત્રી નોરતા દરમ્યાન મંદિરે દર્શનનો સમય સવારે ૬:૦૦ કલાકે થી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી રહેશે. મંગળા આરતી સવારે ૭:૧૫ મિનિટે, શૃંગાર આરતી સવારે ૮:૧૫ મિનિટે અને શયન આરતી સાંજે ૭:૧૫ મિનિટે રહેશે તેમજ બપોરે ૧:૦૦ થી ૩:૦૦ વાગ્યા સુધી મંદિરે માતાજીના દર્શન બંધ રહેશે. તેજ રીતે ઉપલા વાઘેશ્વરી માતાજી મંદિરે મંગળા આરતી સવારે ૭:૩૦ વાગ્યે, શૃંગાર આરતી સવારે ૮:૩૦ વાગ્યે તેમજ શયન આરતી સાંજે ૭:૦૦ વાગ્યે થશે. તો આ દરેક કાર્યક્રમ તેમાં દર્શનનો લાભ લેવા શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર ટ્રસ્ટના ટ્રષ્ટીઓ મુકેશભાઈ રાજપરા, રમીલાબેન વેડીયા અને વિજયભાઈ કીકાણી દ્વારા ભાવિકોને નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ૭મી મેએ મતદાનના દિવસે રાજ્યમાં ઔદ્યોગિક એકમો-સંસ્થાઓના કારીગરોને સવેતન રજા આપવા સૂચના

## લોકસભા ચૂંટણી-વિધાનસભાની પેટા ચૂંટણીમાં મતદાન માટે રાજ્યમાં ખાસ જાહેર રજાની જાહેરાત

જૂનાગઢ, તા.૯

આગામી લોકસભાની ચૂંટણી તથા રાજ્યમાં પાંચ વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે, ૭મી મે ૨૦૨૪ ને મંગળવારના રોજ ખાસ જાહેર રજાની જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ સાથે ઔદ્યોગિક એકમો- કારખાના – સંસ્થાઓમાં કામ કરતા કારીગરોને પણ મતદાન માટે સવેતન રજા આપવાના આદેશો જારી કરાયા છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ જ્વલંત ત્રિવેદીએ જારી કરાયેલા આદેશોમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકાર લોકસભાની સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની ૨૬-વિજાપુર, ૧૦૮-ખંભાત, ૧૩૬-વાઘોડિયા, ૮૫-માણાવદર તથા ૮૩-પોરબંદરની ખાલી પડેલી પાંચ બેઠકો માટેની પેટા ચૂંટણીના કારણે, ૭મી મે ૨૦૨૪ અને મંગળવારના રોજ રાજ્યમાં જાહેર રજા તરીકે ઘોષિત કરાઈ છે. આ સાથે ઔદ્યોગિક એકમ કે સંસ્થાઓમાં નોકરી કરતા હોય તેવા કારીગર મતદારો પણ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (બી)(૧) અન્વયે સવેતન રજાના હક્કદાર રહેશે.


# આજે અનેકો બયોપિક ફિલ્મો બની રહી છે ત્યરે ગુજરાતી ભાષાની પ્રથમ બોલતી ફિલ્મ ‘નરસિંહ મહેતા’ પણ બાયોપિક જ હતી

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૯

૧૯૩૦ના દાયકામાં અગાઉ મુંગી ફિલ્મો બનતી હતી. ન હતા ગીતો કે ન હતા શબ્દો ૧૯૩૨માં ઈતિહાસે કરવટ બદલ્યો અને ફિલ્મો બોલતી થઈ જેમાં પ્રથમ ગુજરાતી બોલતી ફિલ્મ બની ‘નરસિંહ મહેતા’ ભારતની પ્રથમ હિન્દી બોલતી ફિલ્મ ‘આલમઆરા’ ૧૯૩૧માં રજુ થઈ હતી અને પછીના વરસે નવમી એપ્રિલે પ્રથમ ગુજરાતી બોલતી ફિલ્મ નરસિંહ મહતા રીલીઝ થઈ હતી. આ ફિલ્મ સાગર મુવીટોન દ્વારા બનાવવામાં આવી હતી. ફિલ્મના ડિરેકટર નાનુભાઈ વકીલ હતા. આ ફિલ્મના નિર્માણ માટે કે શુટીંગ માટ બોલીવુડ મુંબઈમાં જૂનાગઢનો નાગરવાડો, ગિરનાર તળેટી, દામોદર કુંડ જેવા વિસ્તારોનો ખાસ સેટ ઉભો કરવામાં આવ્યો હતો અને એ સેટ ગુજરાતી નાટકોના સેટ ડિઝાઈનર રંગીલદાસ દેસાઈએ કલાગુરૂ રવિશંકર રાવળના સહયોગથી તૈયાર કર્યા હતા.

ફિલ્મ ડિરેકટર નાનુભાઈ વકીલે નરસિંહ મહેતાના પાત્રાલેખનનું માર્ગદર્શન મેળવવા ગુજરાતના સાક્ષરો અનંદશકંર ધ્રુવ, કવિ નાનાલાલ, નાટયકાર પ્રભુલાલ દ્વિવેદી તેમજ નવલકથાકાર કનૈયાલાલ મુન્શીને મળ્યા હતા અને તેની સાથે ચર્ચા કરીન નરસિંહ મહતાના જ્ઞાન અને ભકિતયોગને સમજવાનો પ્રયાસ કર્યો હતો. હવે તે પંદરમી સદીમાં ફોટો સ્ટુડીયો કે કેમેરા તો હતા જ નહીં કે નરસિંહ મહેતાનો એકાદ ફોટો પણ મળી જાય. આથી ફિલ્મ બનાવવ એ મોટો પડકાર હતો કે નરસિંહ મહેતા દેખાતા કેવા હશે ?




આ માટે ગુજરાતના કલાગુરૂ રવિશંકર રાવળ મદદે આવ્યા. ફિલ્મ માટે ચિત્રો બનાવવાનું કામ તેને સોપાયું હતું. નરસિંહ મહેતાની એક તસ્વીર તૈયાર કરવા માટે તેમણે હસ્તપ્રતો તેમજ પોથીચિત્રોનો અભ્યાસ કર્યો. નાગર જ્ઞાતિના પુરૂષોની કદ-કાઠીનો અંદાજ મેળવ્યો અને આ રીતે નરસિંહ મહેતાનું ચિત્ર ફિલ્મ માટે તૈયાર થયું. પછીનો પડકાર તસ્વીર અનુરૂપ કલાકાર શોધવાનું થયું. નાનુભાઈની નજરમાં એક અનુરૂપ વ્યકિત આવી પણ ગઈ પરંતુ તેને ફિલ્મમાં કામ કરવામાં રસ ન હતો. ભરપુર મહેનત કર્યા છતાં રવિશંકર રાવળે ચિત્રમાં ઢાળેલા નરસિંહ મહેતા તો ન જ મળ્યા છેવટે મરાઠી ગાયક અને અભિનેતા મારૂતીરાવ પહેલવાનને નરસિંહ મહતાની ભૂમિકા સોંપાઈ. ટુંકમાં પ્રથમ ગુજરાતી બોલતી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનાર મરાઠી હતા.

બીરેન કોઠારી નામના લેખક આ ફિલ્મના શુટીંગ દરમ્યાન બનેલ બનાવને આલેખતા કહે છે ફિલ્મના શુર્ટીગ દરમ્યાન શામળશાના વિવાહનો સીન આવ્યો ત્યારે ડિરેકટર નાનુભાઈને કોઈ કે કહ્યું કે નાગર જ્ઞાતિમાં વિવાહ અન્ય જ્ઞાતિ કરતા થોડીક અલગ રીતે થાય છે તે સાંભળીને નાનુભાઈએ તાત્કાલીક ગોર મહારાજની શોધ આદરી હતી અન મહારાજ મળ્યા પણ તેને સ્ટુડીયોમાં આવી લગ્નની વિધી કરાવી અને એ સીનનું શુટીંગ પૂર્ણ થયું. શુટીંગ બાદ જયારે મહારાજનો તેમના મહેનતાણા વિષે પુછવામાં આવ્યું તો તેમણે કહ્યું ‘નરસિંહ ભગતના પૈસા ન લેવાય’ પાત્રનો આ પ્રભાવ જોઈને સૌ કોઈ દંગ રહ્યા.

નરસિંહ મહતાની આ ફિલ્મમં કૃષ્ણની ભૂમિકા ઉમાકાંત દેસાઈએ તો નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની ભૂમિકા શરીફાબાનોએ અને તેમના પત્ની માણેકબાની ભૂમિકા મીસ ખાતુને ભજવી હતી. જયારે રંગભૂમિના લોકપ્રિય અભિનેતા મોહનલાલાએ રામાંડલીકનું પાત્ર ભજવ્યું હતું ત્યાર પછી હિન્દી અને ગુજરાતીમાં અનેકો ફિલ્મ નરસિંહ મહેતાના વિશે બનેલ હતી જેમાં મુખ્ય ૧૯૪૦માં પ્રકાશ પિકચર્સના નેજા હેઠળ વિજય ભટ્ટ દિગ્દર્શીત હિન્દી ફિલ્મ ‘નરસિંહ ભગત’ ૧૯૫૭માં તથા ૧૯૮૪માં પણ ફિલ્મ બની હતી. બનેલી કેટલીક ફિલ્મોના શુટીંગ જૂનાગઢ ખાતે પણ થયેલા છે તો નરસિંહ મહેતા વિશે ટી.વી. સીરીયલો પણ બનેલ છે અને ભારત સરકારે નરસિંહ મહેતાના ચિત્રવાળી પોસ્ટ ટિકીટ પણ બહાર પાડી હતી.

# જૂનાગઢ જીલ્લાના ૭૧૭ મધ્યાહન ભોજન કેન્દ્રના માનદવેતન ધારકોએ મતદાન કરવાના શપથ લીધા

જૂનાગઢ,તા. ૯

જૂનાગઢ જિલ્લામાં લોકશાહી પર્વ ૨૦૨૪ અંતર્ગત ૧૦ તાલુકાના કુલ ૭૧૭ પીએમ પોષણ યોજના મધ્યાહન ભોજન યોજના કેન્દ્રના માનદવેતન ધારકો મતદાન જનજાગૃતિ અભિયાનમાં સહભાગી થયા હતા. જ આ અભિયાન અંતર્ગત આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ઉત્સાહભેર સહભાગી થવા તથા મતદાન જાગૃતિ શપથનું આયોજન જિલ્લા પુરવઠા અધિકારી એફ. જે. માંકડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં તમામ પીએમ પોષણ યોજનાના સ્ટાફ તથા માનદવેતન ધારકોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ અને મતદાન કરવાના શપથ લીધા હતા.



# માહિતી ખાતામાંથી વયોનિવૃત અશ્વિન પટેલનું અભિવાદન કરતા સરદાર પટેલ કર્મચારી મંડળનાં હોદેદારો

## ગુજરાત વિજ ઈજનેર એશોસિયેશનનાં જનરલ સેક્રેટરી પદે ચાર્જ સંભાળતા એચ.જી. વઘાસિયાને બીરદાવ્યા



જૂનાગઢ, તા. ૯

ગુજરાત સરકારનાં માહિતી ખાતામાં પ્રચાલકનાં પદ પર રહી અવિરત ૩૭ વર્ષની દિર્ઘકાલીન ફરજ પુર્ણ કરી વયોનિવૃત થયેલા અશ્વિન પટેલને સન્માનિત કરવા સાથે અભિવાદન પાઠવવા જૂનાગઢ શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળનાં પ્રમુખશ્રી હરેશભાઈ વઘાસિયાનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળનાં પ્રમુખ હરેશ વઘાસિયાએ સેવાનિવૃત અશ્વિન પટેલને નિરામયી જિવનની શુભકામના પાઠવી હતી. સરદાર ધામનાં જૂનાગઢ જિલ્લા તેજસ્વી યુવા કાર્યકર પ્રકાશ ભંગડીયા અને કપિલ સુદાણીએ અશ્વિન પટેલની સેવાક્ષેત્રે કામગિરીને બીરદાવી હતી.

આ તકે પ્રવિણ ગજેરા, બાઘુ ડોબરીયા, જેન્તી વસોયા, ગોપાલ વાગડીયા, જેન્તી કાછડીયા, શૈલેષ ભુવા, મનસુખ કુંભાણી, સહિત કારોબારી સભ્યોએ પોતાનાં સંસ્મરણો સાથે અશ્વિનભાઈ પટેલને બિરદાવી કર્મચારી મંડળની સેવાકીય પ્રવૃતિ તરફ આવકાર્યા હતા.

આ પ્રસંગે અશ્વિન પટેલે સન્માન પ્રતિભાવ આપતા જણાવ્યુ હતુ કે સેવા નિવૃતથવુ એ સેવાકાળનો એક ભાગ છે.



આજે શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા લોક સેવાનાં કાર્યમાં સહયોગી બનવા અભીવાદીત કર્યા એ બદલ ઋણાનુભાવ વ્યકત કર્યો હતો. અને ગુજરાત વિજ ઈજનેર એશોસીયેશન એટલે કે જીબીયાનાં રાજય કક્ષાનાં ૬૦૦૦ ઈજનેરોનાં સંગઠન જનરલ સેક્રેટરી તરીકે નિયુકત એચ.જી વઘાસિયાને સૌ કર્મચારી મંડળનાં સભ્યો વતી શુભકામનાં પાઠવી હતી.

# જૂનાગઢમાં દિવ્યાંગ બાળકોના શિક્ષકો મતદાન જાગૃતિ ઝુંબેશને આગળ વધારવા થયા સંકલ્પબદ્ધ

## ખાસ શિક્ષકોની નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે લીધી પ્રતિજ્ઞા

જૂનાગઢ, તા.૯

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચૂંટણી માટે તા.૭-૫-૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. ત્યારે દિવ્યાંગ બાળકોના શિક્ષકો એવા ખાસ શિક્ષકોએ મતદાન જાગૃતિ ઝુંબેશને આગળ વધારવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

જૂનાગઢ શહેરના વાડલા ફાટક પાસેની વલ્લભાચાર્ય ગૌ-શાળા ખાતે આયોજિત દિવ્યાંગોના શિક્ષણ કાર્ય માટેની આયોજિત તાલીમમાં ૧૨૦ થી વધુ એવા આ ખાસ શિક્ષકોને મતદાન કરવા સાથે અન્યને મતદાન માટે પ્રેરિત કરવાના શપથ લીધા હતા. દિવ્યાંગ બાળકોના વાલીઓ પણ મતદાન માટે પ્રોત્સાહિત કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ અધિકારી લતાબેન ઉપાધ્યાય દ્વારા મતદાન જાગૃતિ માટે જુદા-જુદા રચનાત્મક ઉપક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તેના ભાગરૂપે આ તાલીમ દરમ્યાન IED-કો- ઓર્ડીનેટર ગોપાલભાઈ પંડ્યાએ મતદાનના મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. જીગ્નેશ મહેતાએ નિર્ભયતાપૂર્વક, અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી.





સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે ખેતી પર તોળાતું સંકટ

વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે ખેતી પર સંકટ તોળાઈ રહ્યું છે. જે ગતિથી પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે, તે આમ આદમી માટે તો કષ્ટદાયક છે જ, ખેડૂત માટે સંકટ વધારે છે. તેની સીધી અસર ખેતરોની ઉત્પાદકતા પર પડી રહી છે. જેના મુકાબલા માટે સુનિયોજિત તૈયારીની જરૂર છે. ખેડૂતોએ એ વૈકલ્પિક પાકો વિશે વિચારવું પડશે, જે ઓછા પાણી અને વધુ તાપ છતાં બહેતર ઉત્પાદન આપી શકે. અનાજ ઉત્પાદકોને ધરતીના તાપમાનમાં ઉત્પન્ન ખતરા પ્રત્યે સચેત કરવાની જરૂર છે. જો સમય રહેતાં એવું ન કરવામાં આવ્યું તો માની લો કે આપણે આસન્ન સંકટની અવગણના કરી રહ્યા છીએ. આ મુદ્દો એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ મુદ્દો દુનિયાની સૌથી મોટી આબાદીની ખાદ્ય શૃંખલા સાથે પણ જોડાયેલો છે. એટલે કે જાણે અજાણે આ સંકટના વ્યાપમાં દેશનો દરેક નાગરિક આવશે. અસલમાં દુનિયાના તાપમાન પર નજર રાખનારી વૈશ્વિક સંસ્થા ડબ્લ્યુએમઓનો રિપોર્ટ ચિંતા વધારી રહ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક દાયકામાં પૃથ્વીનું તાપમાન લગભગ સરેરાશ તાપમાનથી વધારે રહ્યું છે. વહેલામોડા એનાથી મનુષ્ય જીવનનું દરેક પાસું પ્રભાવિત થશે.

એ સર્વવિદિત છે કે દુનિયાના મોટાં રાષ્ટ્રો કાર્બન ઉત્સર્જન ઓછું કરવા તથા જીવાશ્મ ઈંધણ પર રોક લગાવવા માટે પ્રતિબદ્ઘ નથી દેખાતા. આખી દુનિયામાં વિકાસના નામે પ્રાકૃતિક સંસાધનોનું બેફામ દોહન કરી રહ્યા છે. તેઓ એ વાતને લઈને ગંભીર નથી દેખાતા કે આજે દુનિયામાં ઔદ્યોગિકીકરણ પહેલાંના સમયના મુકાબલે વિશ્વનું તાપમાન નિર્ધારિત સીમાને પાર કરી ચૂક્યું છે. જે આપણા માટે ખતરાની ઘંટડી છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે આપણે હવામાનના બદલાવને અનુકૂળ ખુદને એ જ અનુપાતમાં ઝડપથી ઢાળી નથી શકતા. અસલમાં હવામાનના વ્યવહારમાં ઝડપથી થઈ રહેલા બદલાવને અનુરૂપ ખેતીની પેટર્નમાં પણ બદલાવની જરૂર છે. એ પરંપરાગત પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે જે ઓછા વરસાદ અને વધુ તાપમાનમાં ઠીકઠાક ઉપજ આપવામાં સક્ષમ છે. એક સમયે ભારતમાં મોટા ભૂભાગમાં આપણે જાડાં ધાન્યોનું ઉત્પાદન કરતા હતા, જે ઓછા વરસાદમાં બહેતર ઉપજ આપતા હતા. પરંતુ સમયાંતરે આપણે વધુ સિંચાઈવાળા પાકોનું ઉત્પાદન વ્યાવસાયિક સ્તરે કરવાનું શરૂ કરી દીધું. હવામાનમાં બદલાવની અસર ખાદ્યાન્ન જ નહીં, શાકભાજી, ફળ-ફૂલો પર પણ ઊંડે સુધી પડી રહી છે. એવામાં માત્ર કાગળિયે કાર્યવાહી કરવાને બદલે ધરાતલ પર ઠોસ પગલાં ભરવાની જરૂર છ. આપણી કૃષિ યુનિવર્સિટીઓએ પાકની નવી જાતોનાં બીજ તૈયાર કરવા પડશે, જે ખેડૂતોને આધાર આપવાની સાથે જ આપણી ખાદ્ય સુરક્ષા ચેઈનને સુરિક્ષત બનાવી શકે. સાથે જ આપણે કાર્બન ઉત્સર્જનના સ્રોતો પર પણ અંકુશ લગાવવો પડશે. પશુધનનું સંરક્ષણ પણ અનિવાર્ય ગણાશે. જો આપણે અત્યારે નહીં જાગીએ તો આપણે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ચક્રવાતી તોફાન જેવી આપદાઓ માટે તૈયાર રહેવું પડશે. ભારત, જ્યાં દેશની અડધી આબાદી ખેતી અને તેની સાથે જોડાયેલા વ્યવસાયો પર નિર્ભર હોય તેના માટે આ સંકટ મોટું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પતિને તેના પત્ની દ્વારા કરાયેલા પાપના ફળ ભોગવવા પડે છે.
- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧ સંવત્સર આંરભ, ગુડી પડવો, ચૈત્ર નવરાત્રી પ્રારંભ, ડો. હેડગેવાર જયંતિ, પંચક (સવારે ૭:૩૨ ક.થી સમાપ્ત) તા.૯ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૯, રેવતી નક્ષત્ર, વૈધૃતિ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૭:૦૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૭:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ:નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન:જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક:સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

### ચીનનું ઘમંડ ઉતારશે ભારત

# ભારતે હવે ૧૦૦ અબજ ડોલરનો બનાવ્યો પ્લાન

## ચીન પર નિર્ભરતા ઘટાડવા અમેરિકા અને યુરોપિયન દેશો હવે ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે




નવી દિલ્હી, તા.૯
ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. વાસ્તવમાં, ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે.

જ્યારથી કોવિડ શરૂ થયો ત્યારથી ત્યાં ઉત્પાદન અને પુરવઠો અટકી ગયો છે. ત્યારથી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને લઈને સર્વત્ર શંકાઓ ઉભી થઈ છે. હવે વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે. એક સમયે વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન કહેવાતા ચીન પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે. અમેરિકા સાથેના સંઘર્ષ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સતત પોતાના માટે નવું ઘર શોધવાનો પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં હવે અમેરિકન અને યુરોપિયન કંપનીઓ ચીનના પાડોશી દેશ ભારતને ખૂબ પસંદ કરી રહી છે.

ચીનમાં સ્થિતિ અસ્થિર થતાં જ એપલ ભારત તરફ વળ્યું. તે પછી, વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક એપલે કહ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે ચીનનું સ્થાન લઈ શકે છે. જે બાદ અન્ય કંપનીઓ પણ ધીમે ધીમે પરંતુ ચોક્કસ ભારત તરફ વળે છે. બીજી તરફ આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે પણ એક એવી યોજના બનાવી છે, જેનાથી ૧૦૦ અબજ ડોલરથી વધુની કમાણી થઈ શકે છે એટલે કે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુ એક જ ઝાટકે ગાયબ થઈ જાય છે. ચાલો તમને એ પણ જણાવીએ કે ભારત સરકાર દ્વારા આવી કઈ યોજના બનાવવામાં આવી છે. ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. એટલે કે ચીનમાંથી બહાર આવતા કોઈપણ રોકાણકારે માત્ર ભારત તરફ જ વળવું જોઈએ.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, DPIIT સચિવ રાજેશ કુમારે માહિતી આપી છે કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું રોકાણ વધારવાનું છે. FDIને લઈને દેશમાં વાતાવરણ સંપૂર્ણપણે હકારાત્મક છે. તેમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. માર્ચ ૨૦૨૩ સુધીના છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં દર વર્ષે સરેરાશ $70 બિલિયનનું રોકાણ આવ્યું છે. જે ચાલુ નાણાકીય વર્ષમાં વધારીને ૧૦૦ અબજ ડોલર કરવામાં આવી છે. હાલમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જ્યાં કેટલીક કંપનીઓ પોતાના દમ પર ભારત આવી રહી છે. તેથી હજુ પણ કેટલીક કંપનીઓ છે જે ચીનનો વિકલ્પ શોધી રહી છે. ભારત આવી કંપનીઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે.

સરકાર આંતરરાષ્ટ્રીય કંપનીઓને ઉત્પાદનને વેગ આપવા અને વિશ્વની સૌથી મોટી સપ્લાયર બનવા માટે પ્રોત્સાહનો આપી રહી છે. જેને PLI નામ પણ આપવામાં આવ્યું છે. Apple, Samsung આ PLI સ્કીમનો લાભ લઈ રહ્યા છે. તે પછી પણ દેશમાં મેન્યુફેક્ચરિંગમાં એફડીઆઈ અપેક્ષા મુજબ આવ્યું નથી. આ અંગે રાજેશ કુમાર સિંહે મીડિયા રિપોર્ટમાં જણાવ્યું કે વિકસિત દેશોમાં મોંઘવારી વધુ છે. ઉપરાંત, ઉભરતા બજારો સંબંધિત ભૌગોલિક-રાજકીય તણાવ અને ઉચ્ચ જોખમ પરિબળને કારણે, FDI ઓછું જોવા મળી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે આ બધું હોવા છતાં, ભારતમાં અન્ય ક્ષેત્રો જેમ કે ઈફ, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય ઉપભોક્તા ચીજવસ્તુઓમાં વૃદ્ધિની ઘણી સંભાવનાઓ છે. તેમણે કહ્યું કે સરકાર FDI નિયમોને વધુ સરળ બનાવવા પર કામ કરશે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા જ મેન્યુફેક્ચરિંગનો હિસ્સો વધારવાની વાત કરી ચૂક્યા છે. DPIITમાં સેક્રેટરી રાજેશ કુમાર સિંઘના જણાવ્યા અનુસાર, સરકાર PLI દ્વારા મેન્યુફેક્ચરિંગ વધારી રહી છે અને ટેલિકોમ અને ઓટો ઘટકોની આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માહિતી આપતાં તેમણે કહ્યું કે હાલમાં દેશમાં લગભગ ૩૯ નવા મેડિકલ કમ્પોનન્ટ્સનું ઉત્પાદન થઈ રહ્યું છે જેનું ઉત્પાદન પહેલાં ક્યારેય થયું ન હતું. સરકાર ઘણા નવા ઔદ્યોગિક કોરિડોર બનાવવાની યોજના બનાવી રહી છે. નવી સરકાર રચાયાના ૧૦૦ દિવસમાં આ કોરિડોરને મંજૂરી મળી જશે તે નિશ્ચિત છે. રાજેશ કુમાર સિંહે કહ્યું કે એ વાત સાચી છે કે પીએલઆઈ સ્કીમના કારણે સ્ટીલ અને ટેક્સટાઈલમાં ખૂબ જ ધીમી વૃદ્ધિ થઈ છે.

### આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ

# અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં ફેરફાર કરાયો



## દર્શનાર્થીઓને દર્શન આરતીનો લાભ સરળતાથી મળી રહે તે માટે નિર્ણય લેવાયો

અંબાજી, તા.૯
વર્ષ ૨૦૨૪માં ૯મી એપ્રિલથી ચૈત્ર નવરાત્રિ શરૂ થઈ રહી છે. હિંદુ ધર્મમાં ચૈત્રી નવરાત્રિનું ઘણું મહત્વ છે. ત્યારે આજથી અંબાજી મંદિરમા ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ કરાશે. ત્યારે યાત્રાધામ અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ ભરતભાઈ પાધ્યાએ જણાવ્યું કે, અંબાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીએ આવતા આવતા હજ્જારો દર્શનાર્થીઓને દર્શન આરતીનો લાભ સરળતાથી મળી રહે અને વધુ સમય માટે મળી રહે તેવા આશયથી અંબાજી મંદિરમાં વિક્રમ સંવતના નવા વર્ષથી એટલે કે ૯ એપ્રિલથી ચૈત્રી નવરાત્રીથી દર્શન આરતીનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી ચૈત્રી નવરાત્રીએ અંબાજીએ આવતા ભાવિક ભક્તોએ આ બાબતની ખાસ નોંધ લેવી.

- સવારે આરતીઃ- ૦૭.૦૦ થી ૦૭.૩૦
- ઘટ સ્થાપન સવારે - ૯.૧૫ થી ૯.૪૫
- સવારે દર્શનઃ- ૦૭.૩૦ થી ૧૧.૩૦
- બપોરે દર્શનઃ- ૧૨.૩૦ થી ૧૬.૩૦ સુધી
- સાંજ ની આરતીઃ- ૧૯.૦૦ થી ૧૯.૩૦
- જ્યારે સાંજે દર્શનઃ- ૧૯.૦૦ થી રાત્રી નાં ૨૧.૦૦ સુધી ખુલ્લા રહેશે


ચૈત્ર સુદ આઠમ તારીખ ૧૬ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશે

ચૈત્રી પુનમ તારીખ ૨૩ એપ્રીલના સવારે આરતી ૬.૦૦ કલાકે થશેવર્ષ દરમિયાન આસો અને ચૈત્રી આમ બે નવરાત્રીનું મહત્વ હોય છે. વસંતીય ચૈત્રી નવરાત્રીને લઈ અંબાજી મંદિરમાં યાત્રિકોની ભારે ભીડ રહેતી હોય છે. લોકો પણ માતાજીનાં દર્શને ખાસ પધારી આરતીનો લ્હાવો લેતા હોય છે. હિન્દુ ધર્મમાં નવરાત્રિના દિવસનું ખૂબ મહત્વ છે. આ નવ દિવસોમાં દેવી ભગવતીની પૂજા કરવામાં આવે છે. ચૈત્ર નવરાત્રી મંગળવાર ૯ એપ્રિલથી શરૂ થઈ રહી છે. નવરાત્રિમાં કન્યા પૂજન અને હવનનું વિશેષ મહત્વ છે. નવરાત્રિ દરમિયાન અષ્ટમી અને નવમીના દિવસોમાં કન્યા પૂજા કરવામાં આવે છે. નવરાત્રિ ઉપવાસ કન્યા પૂજા વિના પૂર્ણ માનવામાં આવતા નથી. તા. ૦૯/૦૪/૨૦૨૪ મંગળવાર ચૈત્ર માસની નવરાત્રી પ્રારંભ થાય છે. સૂર્યોદય વ્યાપીની એકમ તિથિ છે પણ બપોરે ૨:૧૭ સુધી વૈધુતિ યોગ છે માટે કેટલાક મત મુજબ ઘટ સ્થાપન અભિજિત મુહૂર્તમાં કરવું યોગ્ય ગણાય. ઘટ સ્થાપન સમયઃ બપોરે ૧૨:૨૦ થી ૧૨:૫૫.

માર્ગદર્શન મુજબ વ્રત આરંભ એકમના દિવસે ઘટ સ્થાપન કરી નવ દિવસ સુધી પૂજા કરાય છે, વ્રત રખાય છે, બ્રહ્મચર્ય અને ઉપવાસ કે એકહાર કરીને એક ચિત્તે ભક્તિ કરવામાં આવે છે, ઘટ સ્થાપન ના પણ ગૂઢ રહસ્ય છે તેમનું એક કેટલાક વિદ્વાનો પાસે થી જાણવા મળે છે કે જેમ સૃષ્ટિમાં પંચ તત્વ છે. શરીરમાં પંચ ઈન્દ્રિય છે તેમ ઘટ સ્થાપનની એક સમજૂતીમાં... ઘટ એટલે જમીન તત્વ, દીપ એટલે અગ્નિ તત્વ, શ્રીફળ એટલે જળ તત્વ દિપ માટે સહયોગી હવા એટલે વાયુ તત્વ અને ઉપર ઉર્જા એટલે આકાશ તત્વ, આ પાંચ તત્વ દ્વારા મનુષ્યની પાંચ ઈન્દ્રિયો ને સંતુલિત કરી જીવન ને સુખ, શાંતિ, સંતતિ,સદગતિ અને મોક્ષ પ્રદાન કરવામાં આશીર્વાદ રૂપ બને છે.

### જૂન અથવા જુલાઈ મહિનામાં આવી શકે છે

# ખેડૂતોના ખાતામાં આવશે ૨૦૦૦ રૂપિયાનો ૧૭મો હપ્તો



નવી દિલ્હી, તા.૯
ભારત સરકાર દેશના ગરીબ ખેડૂતોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનું સંચાલન કરી રહી છે. આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ સરકાર દર વર્ષે ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. ૬ હજાર રૂપિયાની આ આર્થિક સહાય ખેડૂતોના ખાતામાં ત્રણ હપ્તાના રૂપમાં આપવામાં આવે છે. દરેક હપ્તો ૪ મહિનાના અંતરે ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં સરકારે ખેડૂતોના ખાતામાં કુલ ૧૬ હપ્તા મોકલી દીધા છે. આવી સ્થિતિમાં દેશભરના કરોડો ખેડૂતો હવે ૧૭મા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ શ્રેણીમાં, ચાલો જાણીએ કે ભારત સરકાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો ક્યારે બહાર પાડી શકે છે.

જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, ભારત સરકાર જૂન અથવા જુલાઈ મહિનામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો જાહેર કરી શકે છે. જો કે,

### સરકારે ખેડૂતોના ખાતામાં કુલ ૧૬ હપ્તા મોકલી દીધા છે

સરકારે હજુ સુધી હપ્તાના નાણાં ટ્રાન્સફર કરવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

જો તમે પણ યોજનાનો લાભ લેવા માંગતા હોવ તો. આવી સ્થિતિમાં, તમારે શક્ય તેટલી વહેલી તકે યોજનામાં તમારા જમીનના રેકોર્ડની ચકાસણી કરાવવી જોઈએ. અન્યથા તમને યોજનાનો લાભ નહીં મળે. જે ખેડૂતોએ યોજના હેઠળ હજુ સુધી તેમનું ઈ-કેવાયસી કરાવ્યું નથી. ૧૭મા હપ્તાના પૈસા તેના ખાતામાં પણ આવશે નહીં. આવી સ્થિતિમાં, લાભ મેળવવા માટે, તમારે આ મહત્વપૂર્ણ કાર્ય શક્ય તેટલું જલ્દી કરવું જોઈએ. આ ઉપરાંત જે ખેડૂતોએ યોજના માટે અરજી કરતી વખતે ખોટી માહિતી દાખલ કરી હતી. તેમને પણ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૧૭મા હપ્તાનો લાભ નહીં મળે.

### ભારતીય હવામાન વિભાગની આગાહી

# ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થઇ જશે

## ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી એમપી, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઓડિશાના અલગ-અલગ ભાગમાં પારો વધી શકે

નવી દિલ્હી, તા.૯
ભારતીય હવામાન વિભાગ (IMD) એ પોતાના સાપ્તાહિક પૂર્વાનુમાનમાં કહ્યું કે આ અઠવાડિયાના અંત સુધી દિલ્હી ઉપરાંત ઉત્તર ભારત અને રાજ્યોમાં ગરમી વધવાની વાત કહી છે. આઈએમડીનું કહેવું છે કે ૧૫ એપ્રિલની આસપાસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થઈ જશે. જોકે અત્યારના સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સમાં ઘટાડો થવા લાગે છે અને ભીષણ ગરમી શરૂ થઈ જાય છે. ગત કેટલાક દિવસોથી ઉત્તર-પશ્ચિમી પવનોએ લઘુત્તમ તાપમાનને નિયંત્રિત રાખ્યું છે, પરંતુ હવે તેને ખતમ થવાની આશા છે, હવા શાંત રહેવાની અને વધુ ગરમી થવાની સંભાવના છે.

આઈએમડી વૈજ્ઞાનિક કુલદીપ શ્રીવાસ્તવનું કહેવું છે કે છેલ્લા અઠવાડિયાથી ફૂંકાઈ રહેલા મજબૂત સપાટીના પવનો રવિવારે પણ ચાલુ રહ્યા હતા અને સરેરાશ ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. કુલદીપ શ્રીવાસ્તે જણાવ્યું હતું કે આગામી થોડા દિવસોમાં દિલ્હીનું લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી સુધી વધી શકે છે. ૧૫ એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે.


આઈએમડીના આંકડાથી ખબર પડે ચેહ કે ગત વર્ષે દિલ્હીમાં ૧૬ એપ્રિલ અને ૨૦૨૨ માં ૮ એપ્રિલના રોજ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. હવામાનનું અનુમાન લગાવનાર પ્રાઈવેટ કંપની સ્કાઈમેટના ઉપાધ્યક્ષ મહેશ પલાવતે કહ્યું કે ''ઉત્તર-પશ્ચિમી હવાઓ તાપમાને નીચે રાખવામાં મદદ કરી રહી હતી. આગામી અઠવાડિયામાં બફારો પણ વધશે.''

આઈએમડીનું માનીએ તો આગામી અઠવાડિયાના અંત સુધી ઉત્તરી કર્ણાટક, તેલંગાણા, પૂર્વી મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર,અ મરાઠવાડા અને ઓડિશાના અલગ-અલગ ભાગમાં રાતનો પારો વધી શકે છે.

હવામાન વિભાગનું કહેવું છે કે ૧૦ એપ્રિલ સુધી કેરળ, સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાનમાં વધારાને કારણે ગરમી વધી શકે છે. આ સિવાય ઓડિશા, પશ્ચિમ બંગાળ, કોસ્ટલ કર્ણાટક, કોંકણ અને ગોવામાં સપ્તાહના અંતે ૧૦ એપ્રિલ સુધી તાપમાનનો પારો વધવાનું અનુમાન છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૯ થી ૧૦ એપ્રિલની વચ્ચે ઓડિશામાં વિવિધ સ્થળોએ કરા પડવાની સંભાવના છે. આ ઉપરાંત પૂર્વ મધ્ય પ્રદેશમાં ૯ થી ૧૦ એપ્રિલ, વિદર્ભમાં ૯ થી ૧૦ એપ્રિલ, છત્તીસગઢ અને મરાઠવાડામાં કરા પડવાની સંભાવના છે.

# રૂપાલાએ ખસી જવાનો નહીં પરંતુ ચૂંટણી લડવાનો સ્પષ્ટ આપ્યો સંકેત

## આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રૂપાલા જ રહેશેનો સંકેત



ગાંધીનગર, તા.૯


રાજકોટ લોકસભા બેઠકનાર ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલા રાજકોટથી જ ચૂંટણી લડશે એવો સ્પષ્ટ સંકેત ખુદ પુરૂષોત્તમર રૂપાલા એ જ આપી દીધો છે. રાજકોટ રહેતા અમરેલીના લોકો સાથે એક સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુરૂષોત્તમ રૂપાલાએ પોતાનાર મંતવ્ય શરૂ કરતા પહેલાં જ જણાવ્યું હતું કે, હવે પછી બે વખત તમારે આવવાનું છે એક હું ફોર્મ ભરવા જાઉં ત્યારે અને મતદાનના દિવસે. આ નિવેદન ઉપરથી આ વાત સ્પષ્ટ સંકેત આપવામાં આવી રહ્યો છે કે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમર રૂપાલા જ રહેશે. રાજકોટના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક નજીક આવેલ ક્રિષ્ના ગૌશાળા ખાતે એક કાર્યક્રમનું આયોજન અંબરીશ ડેરની આગેવાનીમાં અમરેલી જિલ્લાની યુવા ભાજપની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. પુરૂષોત્તમ રૂપાલાએર જણાવ્યું હતું કે, આજે મારે આમ તો તમને બધાને વધુ કઈ કહેવાની જરૂર નથી પણ એક વાત ખાસ કહું છું. બે દિવસ તમારે બધાએ ફરજિયાત આવવાનું છે. હું તમને સમય આપીશ એક-બે દિવસમાં ફોર્મ ભરવાની તારીખ નક્કી કરીને આપીશ ત્યારે પાઘડી બાંધી તમારે બધાને આવવાનું છે. પાઘડી બાંધવાનો મતલબ એટલે કે જાનૈયા બનીને તમારે બધાએ આવવાનું છે. અને આ પછી બીજી વખત મતદાનની તારીખ આવે ત્યારે સાગમટે આવવાનું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મારા ઉપર મહાદેવની કૃપા છે કે અંબરીશ ડેર મને મદદે આવ્યો એનાથી મોટી ભગવાનની કૃપા હોય ન શકે. અમરેલીથી પાણીની સમસ્યા કારણે જ મોટાભાગે લોકો અહીં રાજકોટ આવ્યા હશે. હું અમરેલીમાં ચીફ ઓફિસર હતો ત્યારે ૧૫ દિવસે ૧૫ મિનિટ પાણી વિતરણ થતું. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ડંકીના બોર મંજૂર કરતા અને ટેકરો ફાળવતા આ જ ઉપાય હતો. માંગ્યા વિના મા પણ ન પીરસે પરંતુ, માંગ્યા વિના આપે એ નરેન્દ્ર મોદી. મોદીએ ૨૪ કલાક વીજળી આપી, નર્મદાનું પાણી આપ્યું.

# ચીન AI એન્કર્સ, મીમ્સ વડે ભારતમાં ચૂંટણીઓમાં ગરબડ કરી શકે : માઈક્રોસોફ્ટ

## સંભવતઃ અમેરિકા પ્રમુખપદની ચૂંટણીના પરિણામને તેની તરફેણમાં કરવા અને ભાગલા પડાવવા માટે "તેમને સૌથી વધુ વિભાજિત શું કરે છે" એવા પ્રશ્ન સાથેનું સર્વેક્ષણ ચીન નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરીને કરાવી રહ્યું છે

નવી દિલ્હી, તા.૯

આ વર્ષે સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને ભારત, દક્ષિણ કોરિયા અને યુએસમાં મોટી ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે માઈક્રોસોફ્ટ થ્રેટ એનાલિસિસ ટીમે ચેતવણી આપી છે કે ચીન તેના હિતોને ફાયદો પહોંચાડવા માટે AI-જનરેટેડ સામગ્રી બનાવશે અને તેને ફેલાવશે. આવી સામગ્રીથી ચૂંટણીના પરિણામોને અસર થવાની શક્યતા ઓછી હોવા છતાં, મીમ્સ, વીડિયો અને ઓડિયોનો આ સંબંધે ઉપયોગ વધારવાનો ચીનનો પ્રયોગ ચાલુ રહેશે અને સમય જતાં તે વધુ અસરકારક સાબિત થઈ શકે છે. ટેક જાયન્ટના જણાવ્યા મુજબ, ચાઈના મતદારોને સૌથી વધુ વિભાજિત કરવા અને તેના તરફેણમાં યુએસ પ્રમુખપદની ચૂંટણીના પરિણામને પ્રભાવિત કરવા માટે નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરી રહ્યું છે. કંપનીએ એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ચીને વિશ્વભરમાં તેના લક્ષ્યોને આગળ વધારવા માટે AI-જનરેટેડ સામગ્રીનો ઉપયોગ પણ વધાર્યો છે. ઉત્તર કોરિયાએ તેના લશ્કરી ધ્યેયો અને ગુપ્ત માહિતી સંગ્રહને ભંડોળ પૂરૂં પાડવા અને આગળ વધારવા માટે તેની ક્રિપ્ટોકરન્સીની ચોરી અને સપ્લાય ચેઈન હુમલામાં વધારો કર્યો છે. તેણે તેની કામગીરીને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે AIનો ઉપયોગ કરવાનું પણ શરૂ કર્યું છે". ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)એ ભ્રામક સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા યુએસ મતદારોને વિભાજિત કરતા મુખ્ય મુદ્દાઓને વધુ સારી રીતે સમજવા માટે યુ એસ ના





વિવાદાસ્પદ સ્થાનિક મુદ્દાઓ અંગે પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. કંપનીએ ચેતવણી આપી હતી કે, "આ મતદાન યુએસ પ્રમુખપદની ચૂંટણી પહેલા વસ્તી વિષયક માહિતી અને ચોકસાઈ એકત્ર કરવા માટે હોઈ શકે છે". ચીનની ભૌગોલિક રાજકીય પ્રાથમિકતાઓ યથાવત છે પરંતુ તેણે તેના લક્ષ્યાંકો બમણા કરી દીધાં છે અને પ્રભાવિત કરવા સંબંધી હુમલા વધુ અત્યાધુનિક બનાવી દીધાં છે. આ વર્ષે જાન્યુઆરીમાં તાઈવાનની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ ચીન સાથે જોડાયેલા સાયબર ગુનેગારો દ્વારા AI જનરેટેડ કન્ટેન્ટના ઉપયોગમાં વધારો જોવા મળ્યો હતો. ટીમે જણાવ્યું હતું કે, "આ પ્રથમ વખત હતું જયારે માઈક્રોસોફ્ટ થ્રેટ ઈન્ટેલિજન્સે વિદેશી ચૂંટણીને પ્રભાવિત કરવાના પ્રયાસોમાં AI સામગ્રીનો ઉપયોગ કરવામાં કોઈ અન્ય દેશની ભૂમિકા હોવાનું જોયું છે."

# NMMSની પરીક્ષામાં ૨.૩૩ લાખ પૈકી ૯૬.૪૮ ટકા વિદ્યાર્થીઓ હાજર

## રાજ્યના ૮૧૧ કેન્દ્રો ઉપર લેવાયેલી પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ, નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૨.૨૪ લાખ હાજર, ૮ હજાર કરતા વધુ ગેરહાજર

અમદાવાદ, તા.૯

રાજ્યના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા લેવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે નોંધાયેલા ૨.૩૩ લાખ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે ૨.૨૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આમ, પરીક્ષામાં વિદ્યાર્થીઓની ૯૬.૪૮ ટકા હાજરી નોંધાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ (NMMS) યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. NMMS પરીક્ષા માટે ૨૦ ફેબ્રુઆરીથી ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૨૩૩૧૮૨ વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરાયા હતા. આ વિદ્યાર્થીઓની રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારના રોજ NMMSની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા રાજ્યના ૮૧૧ જેટલા પરીક્ષા કેન્દ્રો ઉપર ૭૯૯૨ બ્લોકમાં સવારના ૧૦-૩૦ વાગ્યાથી ૧-૩૦ વાગ્યા દરમ્યાન લેવામાં આવી હતી. પરીક્ષા માટે નોંધાયેલા ૨૩૩૧૮૨ વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષા વખતે ૨૨૪૯૭૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૮૨૦૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ, કુલ ૯૬.૪૮ ટકા વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટેની NMMS પરીક્ષા વખતે ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા પુર્ણ થતાં હવે પરિણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં પરીક્ષા બાદ જિલ્લાવાર કેટેગરીવાર નિયત ક્વોટામાં મેરિટમાં આવતા વિદ્યાર્થીઓને માસિક રૂા.૧ હજાર લેખે વાર્ષિક રૂા.૧૨ હજાર ચાર વર્ષ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ માટે રાજ્યનો ક્વોટા ૫૦૯૭ વિદ્યાર્થીઓનો છે. પરીક્ષામાં બૌદ્ધિક યોગ્યતા કસોટીના ૯૦ ગુણના ૯૦ પ્રશ્નો, શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૯૦ ગુણના ૯૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં જનરલ અને ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓએ બંને વિભાગમાં મળીને ૪૦ ટકા ગુણ મેળવવાના રહેશે. જયારે એસસી તથા એસટી કેટેગરીના વિદ્યાર્થીઓએ ૩૨ ટકા ગુણ મેળવવાના રહેશે. ક્વોલિફાઈંગ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ પૈકી જિલ્લાવાર-કેટેગરીવાર નક્કી થયેલા ક્વોટા મુજબ શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

# રિઝર્વ બેંક થીગડાં મારવાના બદલે મોંઘવારી ઉપર વાસ્તવિક કાબૂ મેળવે તે ખુબ જરૂરી છે

અમદાવાદ તા.૯

ભારતીય રિઝર્વ બેંકે સાતમી વાર તેની નાણાકીય નીતિમાં કોઈ ફેરફાર કરવાનું ટાળ્યું છે. તેણે રેપો રેટને ૬.૫ ટકા ઉપર યથાવત્ રાખ્યો છે. મોંઘવારી પર અંકુશ લાવવાના હેતુથી આવું કરવામાં આવ્યું છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં મોંઘવારી દર ઘટીને ૪.૫ ટકા ઉપર આવી જશે. ગયા વર્ષે તે ૫.૪ ટકા રહેવાનો અંદાજ હતો. અત્યારે પણ મોંઘવારી કાબૂમાં આવી રહી નથી. જથ્થાબંધ અને છૂટક ફુગાવો અને વૃદ્ધિ દર વચ્ચે કોઈ તાર્કિક સંતુલન જણાતું નથી. આવી સ્થિતિમાં, રિઝર્વ બેંક રેપો રેટમાં ફેરફાર કરીને કોઈ જોખમ લેવા માંગતી ન હતી. જ્યારે રેપો રેટ ઊંચો રહે છે, ત્યારે બજારમાં મૂડીનો પ્રવાહ નિયંત્રણમાં રહે છે, તેથી ફુગાવો પણ નિયંત્રિત થાય છે. પરંતુ તેનાથી ઘર, વાહન, વ્યવસાય વગેરે માટે લોન લેનારાઓ પર વ્યાજનો બોજ વધે છે. ઈન્ડસ્ટ્રી લાંબા સમયથી આશા રાખી રહી છે કે જો રેપો રેટ ઘટશે તો તેમને બિઝનેસ માટે લોન ઉપર ઓછો બોજ ઉઠાવવો પડશે. પરંતુ મોંઘવારીના આક્રમણને કારણે રિઝર્વ બેંક આવો કોઈ નિર્ણય લેતા વિચારી રહી છે. પરંતુ માત્ર રેપો રેટ ઉંચો રાખીને ફુગાવાને અંકુશમાં રાખવાની ફોર્મ્યુલા કેટલી હદે અસરકારક સાબિત થશે તે કહેવું મુશ્કેલ છે. મોંઘવારી માટે જવાબદાર પેટ્રોલ અને ડીઝલના ભાવ, કૃષિ ક્ષેત્રે વધતા ખર્ચ, ઉદ્યોગોમાં ઉત્પાદન ખર્ચ વગેરેને અંકુશમાં લીધા વિના મોંઘવારી પર અંકુશ મેળવવો મુશ્કેલ રહેશે. લોકોની ખરીદશક્તિ ઘટવાને કારણે મોંઘવારીની અસર સામાન્ય લોકો ઉપર પડી રહી છે. રેપો રેટ ઉપરાંત ફુગાવાના દુષ્ટ ચક્રમાંથી બહાર નીકળવાનો વ્યવહારૂ રસ્તો શોધવો પડશે.

# યુકેની નવી દસ્તાવેજી ફિલ્મમાં બ્રિટિશ ભારતીયો ઉપરના જાતિવાદી હુમલાઓની તપાસ

(એજન્સી) તા.૯

કારના બૂટમાં હોકીની લાકડીઓ સાથે વાહન ચલાવવું અને પોતાનો બચાવ કરવા માટે પેટ્રોલ બોમ્બનો સંગ્રહ કરવો, એ ૧૯૭૦ અને ૮૦ના દાયકામાં, બ્રિટિશ ભારતીયો દ્વારા સામનો કરવામાં આવેલા જાતિવાદી હુમલાઓની નવી યુકે ડોક્યુમેન્ટરી બનાવતી કેટલીક આકર્ષક ઘટનાઓમાંની એક છે. સોમવારથી ચેનલ ૪ ઉપર પ્રસારિત થનારી ત્રણ ભાગની શ્રેણી 'ડિફિઅન્સ : ફાઈટિંગ ધ ફાર રાઈટ', આર્કાઈવ ફૂટેજના સંગ્રહનો ઉપયોગ કરે છે અને બ્રિટનના દક્ષિણ એશિયન સમુદાયની સામે લડતની કહાની કહેવા માટે ત્યાં હાજર રહેલા લોકો પાસેથી, ૧૯૭૬ અને ૧૯૮૧ વચ્ચે ક્રૂર જાતિવાદી હુમલાઓ અને હત્યાઓની લહેર અંગેની જુબાનીનો ઉપયોગ કરે છે. ત્રણ એપિસોડમાંથી એકના બ્રિટિશ પંજાબી ડિરેક્ટર, જેઓ પશ્ચિમ લંડનમાં કેટલીક ઉથલપાથલ વચ્ચે મોટા થયા હતા, તે રાજેશ થિંદે જણાવ્યું હતું કે, 'તે સમયે, મારા લુધિયાણામાં જન્મેલા પિતા તેમની કારના બૂટમાં હોકીની લાકડીઓ લઈને ફરતા હતા અને તે લઈને જ અમે અમારા રોજિંદા વ્યવસાયમાં જતા હતા. જ્યારથી હું નાનો હતો ત્યારથી ૧૯૭૦ના દાયકાના અંતમાં અને ૧૯૮૦ ના દાયકાના પ્રારંભમાં તે ઘટનાઓનો સાક્ષી હતો, હું આ વાર્તાઓ કહેવા માંગતો હતો કે, કેવી રીતે અમે બ્રિટિશ એશિયનો નેશનલ ફ્રન્ટ અને અન્ય જાતિવાદી અને ફાસીવાદી સંગઠનો સામે લડ્યા હતા. મને વિશ્વને બતાવવાની તીવ્ર ઈચ્છા હતી કે, આજ્ઞાંકિત અને નમ્ર બનવાથી દૂર, જેમ કે કેટલાક બિબાઢાળ, પશ્ચિમી દક્ષિણ એશિયાના લોકોનું ચિત્રણ કરશે, અમારા સમુદાયો હિંમતવાન, સ્થિતિસ્થાપક અને સાધનસંપન્ન હતા, જે ભારતમાં અને આફ્રિકા બંનેમાં સંસ્થાનવાદ વિરોધી સંઘર્ષોના દાયકાઓના અનુભવને દોરે છે.' તેમણે કહ્યું હતું. બાફ્ટા-વિજેતા રોગન પ્રોડક્શન્સ, લેફ્ટ હેન્ડેડ ફિલ્મ્સ અને ગ્રુપએમ મોશન એન્ટરટેઈનમેન્ટ દ્વારા બનાવવામાં આવેલી આ શ્રેણી, બ્રિટિશ દક્ષિણ એશિયાના ઈતિહાસમાં સાઉથોલ વિરોધ, બ્રિક લેન માટે યુદ્ધ અને બ્રેડફોર્ડ ૧૨ ઈવેન્ટ્સ તરીકે ઓળખાતી મુખ્ય ઘટનાઓની તપાસ પોલીસ અને તે સમયની સરકાર કરે છે. ચેનલ ૪ હેડ ઓફ સ્પેશિયાલિસ્ટ ફેક્ટચ્યુઅલ, જેમણે શ્રેણી શરૂ કરી હતી તે શમિન્દર નહલે જણાવ્યું હતું, કે, 'આ ક્ષણે જ્યારે અમારી પાસે બ્રિટિશ એશિયન વડા પ્રધાન (ઋષિ સુનાક) અને સ્કોટલેન્ડમાં એશિયન ફર્સ્ટ મિનિસ્ટર (હુમઝા યુસફ) છે, ત્યારે દેશમાં તેમનો માર્ગ બનાવવા માટે લડતા રોજિંદા બ્રિટિશ એશિયનોની વાર્તાઓ કહેવા માટે સક્ષમ બનવું અવિશ્વસનીય રીતે શક્તિશાળી છે.' રોગાનના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જેમ્સ રોગને જણાવ્યું હતું કે, 'એશિયન શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓની એક પેઢીના અસાધારણ અનુભવો વિશે એક વ્યાપક કથન કે જેઓ બ્રિટનમાં આવ્યા અને વંશીય હિંસાના અભૂતપૂર્વ મોજાનો સામનો કર્યો, તેમની જમીન ઉપર ઊભા રહ્યા અને ભરતી ફેરવી દીધી, જે લાંબા સમયથી મુદતવીતી છે,' રોગન પ્રોડક્શન્સના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર જેમ્સ રોગને જણાવ્યું હતું. આ શ્રેણીની શરૂઆત પશ્ચિમ લંડનના સાઉથોલની શેરીઓમાં ૧૮ વર્ષીય ગુરદીપ સિંહ ચગ્ગરની હત્યાથી થાય છે અને દૂરજમણેરી નેતા જહોન કિંગ્સલેના ચિલિંગ શબ્દો વાંચોઃ 'વન ડાઉન, વન મિલિયન ટુ ગો !' બ્રિટનના દક્ષિણ એશિયાઈ અને અશ્વેત સમુદાયો અને દૂર-જમણેરી કાર્યકરો વચ્ચેની ક્રૂર લડાઈ છે.

# શું તમે વિદેશમાં MBBS કરવાનું વિચારી રહ્યા છો ? તો તમારે આ જાણવું જ જોઈએ

(એજન્સી) તા.૯

ભારતમાં MBBS જેવા સ્પર્ધાત્મક અભ્યાસો માટે તેની મર્યાદિત બેઠકો સાથેની સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમના ઉચ્ચ તબીબી અભ્યાસ માટે વિદેશમાં વિકલ્પો શોધવા માટે પ્રેરિત કરે છે. વિદેશમાં મેડિકલનો અભ્યાસ કરવો એ માત્ર આંતરરાષ્ટ્રીય ડિગ્રી જ નહીં પરંતુ વિવિધ આરોગ્ય સંભાળ પ્રણાલીઓ, સંસ્કૃતિઓ અને અદ્યતન તક્નિકોનો સંપર્ક પણ પ્રદાન કરે છે. તે શૈક્ષણિક અનુભવને વિસ્તૃત કરે છે અને વિદ્યાર્થીઓને આરોગ્ય સંભાળમાં વૈશ્વિક પડકારો માટે તૈયાર કરે છે, જે આ વિકલ્પને વધુને વધુ આકર્ષક બનાવે છે. MBBS ડિગ્રી મેળવવા માટે ઝીણવટપૂર્વક વ્યૂહરચના જરૂરી છે જેમાં સંપૂર્ણ તૈયારી, સમજદાર પસંદગીઓ અને શ્રેષ્ઠતા માટે અતૂટ પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓએ કેટલાક નિર્ણાયક નિર્દેશો યાદ રાખવાની જરૂર છે જે તેમને તેમના તબીબી અભ્યાસનો કોર્સ નક્કી કરવામાં મદદ કરશે. ચાલો વિદ્યાર્થીઓની તૈયારીની પ્રક્રિયાને સુવ્યવસ્થિત બનાવતા મુખ્ય

**પરિબળો જોઈએ :-**

● **સમયસર તૈયારી** :-MBBS ડિગ્રી માટેની તૈયારી મજબૂત પાયા સાથે શરૂ થાય છે. પ્રવેશ પરીક્ષાઓને સમજવી, અરજીની સમયમર્યાદાને ધ્યાનમાં રાખવી અને પાત્રતાના માપદંડોને પૂર્ણ કરવા એ આ મુખ્ય છે. આ પ્રક્રિયાને વહેલા શરૂ કરવાથી વિદ્યાર્થીઓને સુધારણાના ક્ષેત્રોને ઓળખવા અને મજબૂત કરવા માટે સમયની તક મળે છે, તે સુનિશ્ચિત કરે છે કે, જ્યારે તે સૌથી મહત્ત્વપૂર્ણ સમયે સારી રીતે તૈયાર હોય.

● **નાણાકીય સજ્જતા** :- નાણાકીય પાસું, ખાસ કરીને વિદેશમાં જરૂરી હોઈ શકે છે. વિવિધ દેશોમાં ટ્યુશન ફી અને અન્ય ખર્ચાઓ તપાસવા અને તેની સરખામણી કરવી જોઈએ. જેઓ તેમની અરજીની સમયરેખાનું કાળજીપૂર્વક આયોજન કરે છે તેઓને શિષ્યવૃત્તિ મળે તેવી શક્યતા હોય છે જે તેમની ટ્યુશન ફી અને અન્ય ખર્ચના નોંધપાત્ર ભાગને આવરી શકે છે. બીજા દેશમાં ટકી રહેવા માટે નાણાં વ્યવસ્થાપન નિર્ણાયક છે.

● **અભ્યાસક્રમનું સંશોધન** :- સમગ્ર વિશ્વમાં તબીબી શાળાઓમાં, યોગ્ય એક વિકલ્પ પસંદ કરવા માટે સંસ્થાના મૂલ્યો, અભ્યાસક્રમ અને સમુદાય વિશે માહિતી મેળવવી જોઈએ. અભ્યાસક્રમ ઉપર ઊંડાણપૂર્વક નજર કરવી જોઈએ. વિદ્યાર્થીઓ એવા પ્રોગ્રામ્સ પસંદ કરી શકે છે જે તેમના અભ્યાસને ક્લિનિકલ તાલીમ દ્વારા વધુ ઘન આપી શકે છે. જ્યારે થિયરી યોગ્ય રીતે મેળવવી જરૂરી છે, ત્યારે અનુભવ મેળવવા માટે ક્લિનિકલ એક્સપોઝર જરૂરી છે.

● **વિઝા અને કાયદેસરતા** :- જ્યારે વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષાની તૈયારીમાં આગળ વધી રહ્યા હોય, ત્યારે વિઝા અને કાનૂની જરૂરિયાતોને ધ્યાનમાં રાખો. સ્ટુડન્ટ વિઝા રેગ્યુલેશન્સ, વિઝા એપ્લિકેશન પ્રોસેસ અથવા કોઈપણ અન્ય પરમિટો કે જે અમલમાં હોય તે જુઓ જેથી વિદ્યાર્થીઓને આગળ કોઈ મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.

● **સ્થાન** :- ક્યાં અભ્યાસ કરવો તેનો નિર્ણય મહત્ત્વપૂર્ણ છે. તે ઓફર કરેલા અભ્યાસક્રમ, સંસ્થાની માન્યતા દરજ્જો અને તેની વૈશ્વિક માન્યતામાં સંપૂર્ણ સંશોધનની જરૂર છે. સંભવિત વિદ્યાર્થીઓએ સંસ્થાના ઈતિહાસ, તેની પૂર્વ વિદ્યાર્થીઓની સફળતાની વાર્તાઓ અને તેના મૂલ્યો તેમની કારકિર્દીની આકાંક્ષાઓ સાથે કેવી રીતે સંરેખિત થાય છે તેની તપાસ કરવી જોઈએ.

● **MBBS પછીનું માર્ગદર્શન** :- સંસ્થાએ વિદ્યાર્થીઓને તેમના રહેઠાણના વિકલ્પો વિશે માર્ગદર્શન આપવું જોઈએ, સંશોધન ફેલોશિપ માટે અરજી કરવામાં મદદ કરવી જોઈએ. વિદ્યાર્થીઓ તેમની ક્લિનિકલ પ્રેક્ટિસને આગળ વધારવા અને તેમના કૌશલ્યો ઉપર નિર્માણ કરવા માટે તેમની MD/MS પસંદગીઓ કરવામાં સક્ષમ હોવા જોઈએ. વિવિધ યુનિવર્સિટીઓમાં સંશોધન કરતી વખતે તમે જોશો કે મણિપાલ મલેશિયા શૈક્ષણિક રીતે સમૃદ્ધ અને



પડકારજનક MBBS પ્રોગ્રામ પ્રદાન કરે છે જે મૂળભૂત અને ક્લિનિકલ સાયન્સ એક્સપોઝરને સંતુલિત કરે છે. યુનિવર્સિટી પાસે ક્લિનિકલ તાલીમ માટે ૧૦૦૦+ બેડ છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે ખાસ ફી પણ છે. મણિપાલ, મલેશિયા શૈક્ષણિક નવીનતામાં અગ્ર સ્થાને છે, જેમાં વિદ્યાર્થીઓને ભાવિ માટે તૈયાર કરવા માટે સુવિધાઓ અને શિક્ષણ પદ્ધતિ છે. મેલાકા અને મુઆરમાં ૫૦ એકરથી વધુનું વિશાળ અદ્યતન કેમ્પસ, મેલાકા કેમ્પસમાં શરીરરચના પ્રયોગશાળા, શરીરરચના સંગ્રહાલય, મલ્ટિડિસિપ્લિનરી લેબ, લેક્ચર હોલ, ઓડિટોરિયમ, વિજ્ઞાન પ્રયોગશાળાઓ, કૌશલ્ય પ્રયોગશાળાઓ જેવી અદ્યતન શિક્ષણ અને શીખવાની સુવિધાઓનો સમાવેશ થાય છે અને આઉટડોર સ્પોર્ટ્સ સુવિધાઓ વગેરે પણ છે. મણિપાલ યુનિવર્સિટી કોલેજ મલેશિયા ઓકટોબર માટે અરજીઓ સ્વીકારી રહી છે. તમારા શૈક્ષણિક અનુભવને સમૃદ્ધ બનાવવા અને આધુનિક સાધનો અને સુવિધાઓના સંપૂર્ણ શસ્ત્રાગાર સાથે યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનો આ એક અવસર છે. મણિપાલ, મલેશિયા, તબીબી ખ્યાલો સમજાવવા અને વિદ્યાર્થીઓને જ્ઞાનનો પ્રસાર કરવા માટે ઓગમેન્ટેડ વર્ચ્યુઅલ રિયાલિટીનો ઉપયોગ કરે છે. મણિપાલ યુનિવર્સિટી કોલેજ મલેશિયાએ મલેશિયાની પ્રથમ સંસ્થા છે જેણે સંપૂર્ણ પેપરલેસ ડિજિટલ પરીક્ષાઓ શરૂ કરી છે, જે સમગ્ર વિશ્વમાં ડિજિટલાઈઝેશનની આ મહત્ત્વપૂર્ણ ટેક્નિક છે. આવી પ્રેક્ટિસ ઝડપી અને સચોટ મૂલ્યાંકન કરે છે, વિદ્યાર્થીઓને તેમના પ્રદર્શન અંગે પરિપ્રેક્ષ્ય મળે તેની ખાતરી કરે છે. પરિણામોની લાંબી પ્રતીક્ષાને કારણે થતી ચિંતાને ઘટાડવાનો આ એક પ્રયાસ છે. મણિપાલ, મલેશિયા, સર્વગ્રાહી વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે મણિપાલ, મલેશિયા, ગતિશીલ, સમૃદ્ધ, ગતિશીલ અને સમાવિષ્ટ વાતાવરણ પ્રદાન કરે છે. યુનિવર્સિટી સાંસ્કૃતિક વિવિધતા સાથે સમૃદ્ધ વિદ્યાર્થી જીવનને ઉત્તેજન આપે છે, વિદ્યાર્થીઓને જોડાવા, સહયોગ કરવા અને વિકાસ કરવા માટે ઘણા પ્લેટફોર્મ પ્રદાન કરે છે. કેમ્પસમાં અને કેમ્પસની બહાર એમ બંને પ્રકારના અત્યાધુનિક આવાસ સાથે, ભોજન વિકલ્પો અને ક્લબ્સ અને સોસાયટીઓ સાથે, મણિપાલ, મલેશિયા ખાતેનું જીવન વર્ગખંડની બહાર જેટલું સમૃદ્ધ છે તેટલું જ વધુ સમૃદ્ધ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. સગવડતા, સુલભતા, સલામતી અને સહાયક સેવાઓ જેવા પરિબળો MBBS જેવા પડકારરૂપ પ્રોગ્રામને અનુસરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને મણિપાલ, મલેશિયા સાથે તમને તે બધું મળે છે. તે પ્રથમ-વર્ષના વિદ્યાર્થીઓ માટે પોકેટ-ફ્રેન્ડલી અને સમાવિષ્ટ વાતાવરણની ખાતરી આપે છે. આરોગ્ય અને સલામતીના નિયમોના પાલનમાં ખાદ્ય ગુણવત્તાના ધોરણોને ટકાવી રાખવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મણિપાલ, મલેશિયા, તબીબી શિક્ષણના ભવિષ્યમાં માત્ર એક વિન્ડો જ પ્રદાન કરતું નથી પણ તમને આરોગ્યસંભાળના ભાવિને આકાર આપતી વારસાનો ભાગ બનવા માટે આમંત્રિત કરે છે. વધુમાં MBBS પ્રોગ્રામ વિદ્યાર્થીઓને યુ.એસ., યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં દવાની પ્રેક્ટિસ કરવાના માર્ગો પ્રદાન કરે છે.

# ઉનાના લેખક ઇતિહાસકાર હિતેશભાઇ જોશીનું ગાંધીનગર ખાતે આયોજીત અમૂલ્ય વારસોમાં સન્માન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૯

દેલવાડા નિવાસી હાલ ઉના શાસ્ત્રી શ્રી હિતેશભાઈ લાભશંકરભાઈ જોશી ગાંધીનગરમાં આયોજિત અમૂલ્ય વારસો જેમાં ઉચ્ચ ગજાના કવિઓ લેખકો ઈતિહાસકારોનું સન્માન કરવામાં આવેલું હતું. તેમાં શ્રી હિતેશભાઈ જોશીનું સાલ ઓઢાડી તેઓનું સન્માન ઈતિહાસકાર તરીકે પ્રાચીન મૂર્તિ ના સંગ્રહ કરતા મૂર્તિ ઓને સુરક્ષિત તથા તેમની કાલ ગણના સમય માપન તથા વાવ ઉપર નું સંશોધન પાળિયા ઉકેલવા શિલાલેખ તેના ઉપર સંશોધન કરેલ છે, ઉના નાઘેર પંથક ઉપર પણ પુસ્તક લખેલ છે, તેઓ એક આધારભૂત પુરાવા લઈ ને દરેક વસ્તુ નું અભ્યાસ કરી ને લખે છે.લેખન તેમનો શોખ છે જે આપણા સૌ માટે શ્રી હિતેશભાઈ નું સન્માન ગૌરવ લેવા જેવી બાબત છે અને તેઓ સંસ્કૃત ના પ્રકાંડ પંડિત છે વેદ સંસ્કૃતિને ના પણ જાણકાર અને જ્યોતિષના ખુબ ઊંડા અભ્યાસી છે જ્યારે ભારત દેશના મહા મહિમ્ન રાષ્ટ્રપતિ શ્રી દીવ ના પ્રવાસે આવે ત્યારે દીવ પાસે ફુદમ ગામે ગંગેશ્વર મહાદેવ દર્શનાર્થે પધારે ત્યારે વેદોક્ત મંત્રોચ્ચારથી પૂજા વિધિ કરાવે છે.ઉના જેવા નાના શહેરમાં રહીને ગુજરાત કક્ષાએ અને બહાર ના મોટા ગજાના લેખકો ઈતિહાસ કરો અને મોટા હોદ્દેદારો ને પણ બહુ નજીક થી ઓળખે છે.

મૃદુભાષી સ્પષ્ટ વક્તા સદા હસતો ચહેરો અને બીજાને મદદરૂપ થનાર શાસ્ત્રી શ્રી હિતેશભાઈ ને ખુબ ખુબ અભિનંદન. મો. ૮૭૮૦૭૦૦૭૬૭ ઉપર કોઈપણને અભિનંદન આપવા માટે શાસ્ત્રી શ્રી હિતેશભાઈનો મોબાઈલ નંબર આપેલ છે.

# ગાંધીનગર ખાતે સુપ્રસિદ્ધ ચિત્રકાર આહિર સામત બેલાને "અતુલ્ય વારસો" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા






(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૯

ગુજરાત રાજ્યમાંથી અલગ અલગ જિલ્લાઓના કુલ મળીને ૧૩૧ જેટલા કલા સાધકોને અતુલ્ય વારસો દ્વારા આઈડેન્ટિટી એવોર્ડ ૨૦૨૪ માટે ડો.આંબેડકર ઓડિટોરિયમ ગાંધીનગર ખાતે આ તમામ મહાનુભાવો ને સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમજ મંચ પર પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, એડિશનલ કલેકટર શ્રી રાઠોડ સાહેબ, શ્રી રમણીક ઝાપડિયા, શ્રી મકરંદ શુક્લ, અમીબેન ઉપાધ્યાય, મિતલબેન પટેલ જેવા વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી.

જેમાં દેવભૂમિ દ્વારકાના સુપ્રસિદ્ધ ચિત્રકાર સામત બેલાની પણ પસંદગી કરવામાં આવી હતી. તેઓએ હંમેશા તેમના ચિત્રના માધ્યમથી કલા અને આપણા વારસાનું સંવર્ધન કર્યું છે આ પ્રસંગે તેઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. જામ કલ્યાણપુર તથા દેવભૂમિ દ્વારકા અને સમગ્ર આહીર સમાજ આ પ્રસંગે હર્ષની લાગણી અનુભવી રહ્યા છે

# રાજકોટના જાણીતા પીઢ નાટયકાર કૌશિક સિંધવનું ભવ્ય સન્માન થયું

## અમદાવાદની વિશાલા હોટલમાં અર્પણ થયો 'વિશ્વ રંગભૂમિ દિન એવોર્ડ-૨૦૧૪'



જૂનાગઢ તા. ૯

તાજેતરમાં રાજકોટની ગણિકા બહેનો તથા જેલના બંદીવાનોને બે નાટકો દર્શાવી રંગભૂમિની અનોખી ઘટનાને ઘાટ આપનાર કૌશિક સિંધવ નાટય તાલીમ ફળીયુંના આ નાટય ગુરૂના અમદાવાદ ખાતે અદકેરા પોંખણા કરવામાં આવ્યા હતા.

અમદાવાદનું સુવિખ્યાત વિચાર ફાઉન્ડેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી સુરેન્દ્રભાઈ પટેલના હસ્તે વિશાલા હોટલ ખાતે તા.૨૭-૩-૨૪ ના રોજ ૭૯ વર્ષીય કૌશિક સિંધવને 'વિશ્વ રંગભૂમિ દિન -૨૦૧૪' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યાના સમુદાયની હાજરીવાળા આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ હર્ષદ પટેલની સાથે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવની પણ ખાસ ઉપસ્થિતી હતી. કૌશિકભાઈ સિંધવની સાથો સાથ મુંબઈ, અમદાવાદના નાટય મહારથીઓ મનોજ શાહ, કૌસ્તુતી ત્રિવેદી તથા જીતેન્દ્ર ઠકકર, સુજાતા મહેતા અને ફિરોઝ ભગત પણ આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. પોતાનું આયુષ્યનું ઘણું ખરૂં આયુષ્ય નાટય પ્રદાનમાં ખર્ચી નાખનાર શ્રી સિંધવ આ વયે પણ પોતાના 'નાટય ફળીયે' યુવાનોને નાટય તાલીમ આપતા આપતા અભિનયનો પણ આસ્વાદ કરાવતા વિદ્યાર્થીઓને ઈન્સપાયર કરતા રહેનાર કૌશિક સિંધવને ૨૦૦થી વધુ નાટય પ્રાસંગિક આલેખનો વર્તમાનપત્ર, નાટય મેગેઝીનમાં આલેખી પોતાની કલમથી પણ રંગભૂમિ સેવારત રહયા છે.

## રાજકોટમાં નાના બાળકએ પહેલું રોઝૂ રાખી ઈબાદત કરી હતી



રાજકોટ તા. ૯

રાજકોટ શહેરમાં રહેતા અહદ અખ્તરભાઈ કાજી (ઉ.વ.૬) એ પવિત્ર રમઝાન માસ નું પહેલૂ રોઝૂ રાખી અલ્લાહની ઈબાદત કરી હતી હાલ માં ઉનાળા ની ગરમી માં ધૂમ તાપમાન માં આવા નાના બાળકો માટે બહુ કઠિન હોય છતાં આ માત્ર ૬ વર્ષ ના નાના બાળક કે પવિત્ર રમઝાન માસ માં રોઝૂ રાખી મોટા ઓને રોઝા રાખવા ની પ્રેરણા આપી હતી.

# • રમઝાન મુબારક •




## અપરાધની સજા આ જીવનમાં

ન્યાયના દિવસ (પરલોક)ને એક ઉદાહરણ દ્વારા પણ સમજી શકાય છે. એક વ્યક્તિએ એક બીજી વ્યક્તિની હત્યા કરી દીધી. એના બે નાના બાળકો, એક બાળકી અને સ્ત્રીની દેખરેખ તથા ભરણપોષણ કરવાવાળું કોઈ ન રહ્યું. એનો ધંધો નષ્ટ થઈ ગયો. વિધવા સ્ત્રી અને બાળકો ભૂખથી મરવા લાગ્યા. બાળકી મોટી થઈને પોતાની અને પરિવારની ભૂખ મટાડવા માટે આવારા છોકરાઓના હાથમાં સપડાઈ ગઈ. એનું જીવન બરબાદ થઈ ગયું. છોકરાઓ ભણી ન શક્યા, બલ્કે કોઈ દેખરેખ રાખનાર ન હોવાના કારણે ગુંડા-ડાકૂ બની ગયાં. કેટલીય લૂંટફાટ અને હત્યાઓ કરી.

એ હત્યા કરનારા અત્યાચારીને આ જગતમાં વધુમાં વધુ જે સજા કરવાં આવી શકે તે આ છે કે એને ફાંસીએ લટકાવી દેવામાં આવે. એ વ્યક્તિએ જાન લીધી તો એની પણ જાન લઈ લેવામાં આવી. પરંતુ આ સ્ત્રીની અને તેણીના પરિવારની જે દુર્દશા થઈ, એની સજા એને ન મળી, એને ફાંસી આપ્યા પછી આ બધા પાપોની ન્યાય અનુસાર પૂરેપૂરી સજા કરવી આ જગતમાં અશક્ય છે. ન્યાયાનુસાર પૂરેપૂરી સજા આપવી આ લોકમાં સંભવ નથી. આ સજા બે રીતે આપી શકાય છે. એક આ કે આ જગતમાં એને કૂતરો અથવા વૃક્ષ બનાવીને મોકલી દેવામાં આવે. વૃક્ષ તો શાંતિપૂર્ણ જીવન વિતાવે છે. લોકો એની સેવામાં લાગેલા રહે છે. તેથી આ કોઈ યોગ્ય સજા ન થઈ. આ વૃક્ષ જીવન પછી તો તે ઉચ્ચ શ્રેણીમાં જન્મ લેશે કેમકે વૃક્ષ જીવનમાં એણે લોકોને છાંયડો અને ફળ આપીને બહુ પુણ્ય કમાવ્યા. અર્થાત્ એણે કદી સજા ભોગવી જ નહીં. જો તે કૂતરો બનાવી જન્મ આપવામાં આવ્યો તો બીજાની રોટલી ઉપર ઉછરીને અથવા જંગલમાં બીજા પ્રાણીઓને ખાઈને મસ્તીથી પડ્યો રહેશે. આ પણ કોઈ યોગ્ય સજા ન થઈ. વાસ્તવમાં આ જગતમાં આવી જોગવાઈ જ નથી કે અહીં કોઈ પણ સ્થિતિમાં રાખીને એને ન્યાયાનુસાર સજા આપી શકાય.

## અપરાધની સજા પરલોકમાં

બીજા પ્રકારની સજા આ હોઈ શકે કે આ જગતથી પણ વધુ ક્ષમતાવાળું એક બીજું જગત હોય, જેમાં મૃત્યુ પછી ફરી જીવન પ્રદાન કરવામાં આવે. એવું જીવન કે જેમાં પૂર્ણ સજા મેળવવાની ક્ષમતા હોય કે તે હત્યારાને હત્યા કરવાની સજા પણ, કોઈ સ્ત્રીને વિધવા કરી એનું સુખ છીનવી લેવાની સજા પણ, બાળકોના ભૂખથી ટળવળવાની, શિક્ષા-દિક્ષાથી વંચિત રહેવાની સજા પણ, અને એમના જીવનમાં બગાડ પ્રવેશ્યા પછી સમસ્ત કુકર્મોનું અસલ કારણ બનવાની સજા પણ, એક સાથે અને ઠીક ન્યાયાનુસાર સંપૂર્ણપણે આપી શકાય.

ન્યાયની આ બીજી પદ્ધતિ બુદ્ધિગમ્ય લાગે છે અને ન્યાયની માંગ આ છે કે અપરાધીને બતાવવામાં આવે કે એના કયા અપરાધની સજા એને આપવામાં આવી રહી છે.

વેદોની જેમ ઈશ્વરીય ગ્રંથ પવિત્ર કુર્આન પણ મૃત્યુ પછીના જીવનની ખાતરી આપે છે. તફાવત આ છે કે આ વેદોમાં એટલું સ્પષ્ટ અને વિસ્તૃત નથી જેટલું કુર્આનમાં છે. અહીં ન્યાય અને ચૂકવણીનો દિવસ એ છે જેમાં ન્યાય અને ન્યાયવિધિ અનુસાર આ જીવનનો અહેવાલ, સાક્ષીઓ સામે લાવીને, ભૂલ બતાવીને, સ્વ-બચાવની તક આપીને તથા નિર્ણય સંભળાવીને નર્કમાં પૂરેપૂરી સજા આપવામાં આવશે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

રોઝા - ૨૯ મંગળવાર
ઈફતાર - ૭ : ૧૦
રોઝા - ૩૦ બુધવાર
શહેરી - ૫ : ૧૭

# કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સના આઈકોનિક ફંડે રૂા. ૨,૦૦૦ કરોડ એકત્રિત કર્યા

મુંબઈ તા.૯

કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સ લિમિટેડે (Kotak Alt) આજે જાહેર કર્યું છે કે તેના કોટક આઈકોનિક ફંડે રૂ. ૨,૦૦૦ કરોડ એકત્રિત કર્યા છે. આ ઓપન-એન્ડેડ ફંડને ઈક્વિટી મલ્ટી-એડવાઈઝર પોર્ટફોલિયો સોલ્યુશન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ ફંડે સમગ્ર માર્કેટ કેપિટલાઈઝેશન અને ટેક્ટિકલ અલોકેશનમાં વૈવિધ્યસભર એક્ટિવ અને પેસિવ સ્ટ્રેટેજી અપનાવીને ફ્લેક્સિબલ અપ્રોચ જાળવ્યો છે. આજના ડાયનેમિક ઈન્વેસ્ટિંગ ક્ષેત્રે રોકાણકારોને વધતી ઊથલપાથલ અને સતત બદલાતા બજાર માહોલ સાથે તાલ મિલાવવાનું વધુને વધુ મુશ્કેલ લાગી રહ્યું છે જેનાથી રોકાણકારોને માર્કેટ સાઈકલમાં ઈક્વિટી પોર્ટફોલિયો બનાવવો અને જાળવવો પડકારનજક લાગી રહ્યો છે. કોટક આઈકોનિક ફંડ શિસ્તબદ્ધ ફ્રેમવર્ક આધારિત ઈન્વેસ્ટિંગ અને રિસ્ક મેનેજમેન્ટ સાથે આ સમસ્યા દૂર કરે છે અને સરળ રોકાણ યાત્રા પૂરી પાડે છે.

કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સ લિમિટેડના સીઈઓ-ઈન્વેસ્ટમેન્ટ્સ એન્ડ સ્ટ્રેટેજી લક્ષ્મી ઐયરે જણાવ્યું હતું કે "એયુએમમાં રૂા. ૨,૦૦૦ કરોડની સફર અડગ પ્રતિબદ્ધતા, સ્થિતિસ્થાપકતા અને રોકાણકારોના વિશ્વાસના લીધે શક્ય બની છે જેમણે ભારતીય ઈક્વિટીના ક્ષેત્રે કોટક આઈકોનિકને તેમના પસંદગીના રોકાણ સાધન તરીકે પસંદ કર્યું છે. કોટક આઈકોનિક ફંડ રોકાણકારની ઈક્વિટી સફરમાં કાર્યક્ષમતા અને ઓપરેશનલ સરળતા લાવવામાં મદદ કરે છે. ફંડના નિષ્ણાંત પ્રોફેશનલ્સની ટીમ સતત એવી રોકાણ વ્યૂહરચનાઓ શોધે છે જે ફંડના રોકાણ હેતુઓ સાથે સંલગ્ન હોય." કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સ લિમિટેડના ડિસ્ક્રિશનરી પોર્ટફોલિયો સોલ્યુશન્સના હેડ નિશાંત કુમારે જણાવ્યું હતું કે "કોટક આઈકોનિક રોકાણકારોને તેમના ઈક્વિટી ફાળવણી માટે વન-સ્ટોપ સોલ્યુશન પૂરું પાડે છે જે સ્ટ્રેટેજી સિલેક્શન, અલોકેશન અને પર્ફોર્મન્સ મોનિટરિંગને ડાયનેમિકલી સંભાળે છે. કોટક આઈકોનિક ફંડ આકરા સંશોધન, શિસ્તબદ્ધ ફ્રેમવર્ક આધારિત રોકાણ, રિસ્ક મેનેજમેન્ટ અને ભારતીય આર્થિક ક્ષેત્રની ઊંડી સમજના આધારે તૈયાર કરવામાં આવ્યું છે."

કોટક આઈકોનિક ફંડ એ સેબી રજિસ્ટર્ડ કેટેગરી ૩ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) છે જે કોટક ગ્રુપની અલ્ટરનેટ એસેટ મેનેજમેન્ટ આર્મ કોટક અલ્ટરનેટ એસેટ મેનેજર્સ લિમિટેડ દ્વારા મેનેજ કરવામાં આવે છે. કોટક આઈકોનિક ફંડ એ અમેરિકા, યુકે, સિંગાપોર, ડીઆઈએફસી અને હોંગકોંગ સહિતના પાંચ ઓફશોર કાર્યક્ષેત્રોમાંથી ઈનફ્લોને સ્વીકારે છે જે બિન-રહીશોને ભારતીય ઈક્વિટી બજારોની એક્સેસ માટે સરળ ઈન્વેસ્ટિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે. કોટક ઓપ્ટિમસ અને કોટક આઈકોનિક હેઠળ કોટક અલ્ટ વિવિધ રોકાણ હેતુઓ ધરાવતા રહીશ અને બિન-રહીશ રોકાણકારો બંનેને મલ્ટી-એસેટ અને ઈક્વિટી ડિસ્ક્રીશનરી પોર્ટફોલિયો ઓફર કરે છે.

# ઉનાનાં ઓલવાણમાં ગોળી મારી યુવાનની હત્યા કેસના આરોપીને ઝડપી લેતી પોલીસ





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૯

ગીરસોમનાથ જીલ્લાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારના ઓલવાણ ગામે ગઈ તા.૦૬/૦૪/૨૦૨૪ ના રાત્રીના વાડી વિસ્તારના રહેણાંક મકાનેથી ભુપતભાઈ રાજશીભાઈ રામ આહીર રહે ઓલવાણ વાળાને છાતીના ભાગે ગંભીર ઈજા થતા ઉના સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ હોય ત્યાં ફરજ પરના ડો.શ્રીએ ભુપતભાઈ ના છાતીના ભાગે ગોળી લાગી જવાથી મરણ ગયેલની હકીકત જણાવેલ ત્યારબાદ નવાબંદર મરીન પો.સ્ટે. ગુ.ર.નં. નવાબંદર મરીન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૩૨૪૦૨૮૬/ ૨૦૨૪ આઈ.પી.સી કલમ ૩૦૨,૪૪૯, હથીયાર ધારા કલમ ૨૫(૧-બી)(એ), ૨૭, જી.પી.એ. કલમ ૧૩૫ મુજબ દાખલ કરવામાં આવેલ જે અનુસંધાને જુનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી.શ્રી નિલેશ જાજડીયા સાહેબ તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ એન.જાડેજા સાહેબ નાઓએ બનાવના મુળ સુધી પહોચવા અને સત્ય હકીકત બહાર લાવવા માટે સુચના કરતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી વી.આર.ખેંગાર નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ગીરસોમનાથના ઈ.ચા.પોલીસ ઈન્સપેકટર એ.બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ. એ.બી.વોરા તથા એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફ તથા નવાબંદર મરીન પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ પી.જે.બાંટવા તથા નવાબંદર મરીન પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડ નાઓની અલગ અલગ ટીમો દ્વારા આ બનાવની તપાસ શરૂ કરવામાં આવેલ જેથી ક્રાઈમ સીનની તપાસ કરતા મરણ જનાર ભુપતભાઈ ઉપર ફાઈરીંગ કરી મર્ડર કરેલાની હકીકત જણાઈ આવતા તુરંત જ મરણજનારને કોઈ સાથે જુની દુશ્મની હોય તે બાબતે શકદારોની તપાસ કરતા એલ.સી.બી.ગીરસોમનાથના પો.સબ.ઈન્સ એ.બી.વોરા તથા એલ.સી.બી, ગીરસોમનાથ ટીમને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે શકદાર ભીમાભાઈ ઉર્ફે ભીમા કરશનભાઈ ટાપરીયા ગઢવીની તપાસ કરતા મજકુર ઉના ખાતે તેના રહેણાંક મકાને હોવાની પાકી બાતમી આધારે મજકુરને તેના રહેણાંક મકાનેથી ગુન્હામાં વાપરેલ હથિયાર દેશી પીસ્ટલ તથા જીવતા ચાર કાર્ટીસ જેવા જીવલેણ હથિયાર સાથે રાઉન્ડ અપ કરી મજકુરની યુકતી પ્રયુકિતથી પુછપરછ કરતા મજકુરે કબુલાત આપેલ કે પોતે ઓલવાણ ગામે ભુપતભાઈ ની જમીનમાં આવેલ પથ્થરની ખાણમાં મેતાજી તરીકે નોકરી કરતો હોય અને એકાદા માસ પહેલા ખાણ પુરી થતા છુટો કરેલ હોય આ મરણજનાર ભુપતભાઈ રાજશીભાઈ રામ તે પથ્થરની ખાણમાં ભાગીદાર હોય પથ્થરની ખાણ શરૂ હતી તે દરમ્યાન ભુપતભાઈ હસ્તક પથ્થરની ખાણ માંથી પથ્થર ભરવા માટે ટ્રેકટર આવતા હોય ત્યારે ભીમાભાઈ ઉર્ફે ભીમા ને તથા ભુપતભાઈ ને અવાર નવાર ટ્રેકટર ભરવાના વારા બાબતે તથા પથ્થરની ખાણના હીસાબ બાબતે બોલાચાલી તથા ગાળાગાળી થતી હતી તે મનદુઃખ રાખી ગઈ તા.૦૬/૦૪/૨૦૨૪ ના રાત્રીના ભીમાભાઈ ઉર્ફે ભીમાએ મરણજનાર ભુપતભાઈ ને ફોન કરી તેની વાડીએ ભુપતભાઈ એકલા હોય ત્યારે તેની વાડીએ ગયેલ અને વાડીના રહેણાંક મકાને રૂમ ઓફીસ બનાવેલ હોય તેમાં પ્રવેશ કરી ભુપતભાઈ ની છાતીના ભાગે દેશી પીસ્ટલથી એક રાઉન્ડ ફાયર કરી મર્ડર કરી ભીમાભાઈ ઉર્ફે ભીમો ત્યાથી નાશી ગયેલ હોય જે આરોપીને એલ.સી.બી. /પેરોલ ફર્લો સ્કોડ ગીરસોમનાથ તથા નવાબંદર મરીન પો.સ્ટે.ની ટીમ દ્વારા પકડી પાડી પુછપરછ કરતા તેણે મર્ડર કરેલ હોવાની કબુલાત આપતા આરોપી ભીમાભાઈ ઉર્ફે ભીમો કરશનભાઈ ટાપરીયા ગઢવી રહે.ઉના ખોડીયાર નગર તા.ઉના વાળા પાસેથી (૧) દેશી પીસ્ટલ નંગ-૧ કી.રૂા.૨૫,૦૦૦/-, (૨) જીવતા કાર્ટીસ નંગ-૪ કી.રૂા.૪૦૦/-, (૩) યામાહા મોટર સાયકલ કી.રૂા.૧૦,૦૦૦/- મળી કુલ કી.રૂા.૩૫,૪૦૦/-નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે. અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ કામગીરીમાં એલ.સી.બી. ઈ.ચા. પો.ઈન્સ. એ.બી.જાડેજા, પો.સબ.ઈન્સ., એ.બી.વોરા, એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા, પો.હેડકોન્સ પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા, પો.કોન્સ રાજુભાઈ પરમાર તથા એસ.ઓ.જી. પો.કોન્સ ધર્મેન્દ્રસીંહ ગોહીલ તથા નવાબંદર મરીન પો.સ્ટે.ના પો.સ.ઈ. પી.જે.બાંટવા, તથા એ.એસ.આઈ કંચનબેન પરમાર, કાનજીભાઈ વાણવી તથા નવાબંદર મરીન પો.સ્ટે સર્વેલન્સ સ્ટાફ વગેરે જોડાયા હતા.

## ખંભાળિયાના રામનગર ખાતે મતદાનનું મહત્વ સમજાવતી ચુનાવ પાઠશાળા યોજાઈ



જામ ખંભાળિયા, તા. ૯

લોકસભા સામાન્ય ચૂંટણીના અવસરમાં દ્વારકા જિલ્લાના મતદારો સહભાગી બનીને પોતાનો કિંમતી મત આપે એ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ખંભાળિયાના રામનગર ખાતે ચુનાવ પાઠશાળા યોજાઈ હતી.લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તથા મહિલા મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરી અચૂક મતદાન કરવા મહિલા મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## કલ્યાણપુરના નાવદ્રા ગામે પવનચક્કીમાં આગ ભભૂકી ઉઠી

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા.૯

કલ્યાણપુર તાબેના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે સોમવારે એક પવનચક્કીના ઉપરના ભાગે આગ લાગ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. સ્થાનિક સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે વિન્ડ ફાર્મને લગતી કંપનીની ઉભી કરવામાં આવેલી કેટલીક પવનચક્કીઓ પૈકી એક પવનચક્કીમાં સોમવારે બપોરના સમયે કોઈ કારણોસર એકાએક આગ લાગી હતી. દરિયાકાંઠાના વિસ્તારમાં રહેલી આ પવનચક્કીની ઉપરના ભાગે



લાગેલી આ આગના ધુમાડા દુર સુધી જોવા મળ્યા હતા. આગનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

# દ્વારકા જગતમંદિરમાં તંત્રની ગંભીર બેદરકારી : એક વાહન ચાલક પોતાનું બાઈક લઈને મંદિરમાં પ્રવેશતો હોવાનો વિડિયો વાયરલ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકા જગતમંદિરમાં આમ તો કડક સુરક્ષા વ્યવસ્થા બનાવવામાં આવી છે. દર્શનાર્થીઓને મોબાઈલ પણ લઈ જવામાં નથી આવતા ત્યારે એક બાઈક ચાલક પોતાનું બાઈક લઈને પ્રવેશતો હોવાનો વિડિયો વાયરલ થતાં તંત્રની ગંભીર બેદરકારી હોવાનું સામે આવ્યું છે.

દ્વારકા જગતમંદિરમાં કડકપણે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને કોઈપણ દર્શનાર્થીઓને મોબાઈલ, કેમેરા કે અન્ય કોઈ વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેમ છતાં દેવસ્થાન સમિતિ સાથે સંકળાયેલા અમુક લોકો દ્વારા પ્રતિબંધનો ઉલાળિયો કરવામાં આવતો હોવાનું પણ ચર્ચાઈ રહયું છે. જો કે, મંદિરમાં મોબાઈલ લઈ જવાની મનાઈ હોવા છતાં, ઘણીવાર નીજ મંદિરના ફોટા તેમજ વિડિયો વાયરલ થયાના અગાઉ અનેક બનાવો બનવા પામ્યા છે. તેમ છતાં તેમની સાથે પગલાં નહીં લેવાતાં પ્રતિબંધ જાણે નામનો હોય તેવું લાગી રહયું છે તેવામાં વધુ એક ગંભીર બેદરકારી સામે આવી છે. એક વ્યકિત પોતાનું બાઈક લઈને મંદિરમાંથી બાઈક લઈને બહાર નીકળતો હોવાનો વિડિયો વાયરલ થતાં જગતમંદિર સુરક્ષાકર્મી તેમજ તંત્રની બેદરકારી હોવાનું સામે આવ્યું છે. આ બાઈક ચાલક દ્વારા નિયમોનો ખુલ્લેઆમ ઉલાળિયો કરાતો હોવાનું પણ ફલિત થઈ રહયું છે.

# કેશોદ ભારત વિકાસ પરિષદ દ્વારા વાર્ષિક પારિવારિક મિલન યોજાયું

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૯

કેશોદ ભારત વિકાસ પરિષદ દ્વારા આંબાવાડી વિસ્તારમાં આવેલા લોહાણા મહાજન વાડી ખાતે વાર્ષિક પરીવાર મિલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેની શરૂઆત વંદે માતરમ્‌થી કરવામાં આવી હતી સંસ્થાના સ્થાપક પ્રમુખ ડો.સ્નેહલ તન્ના, પ્રમુખ મહાવીર સિંહ જાડેજા, દિનેશ કાનાબાર, આર. પી. સોલંકી, જગમાલ નંદાણીયા વગેરે દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે




ભારત વિકાસ પરિષદ કેશોદ શાખા દ્વારા વર્ષ દરમિયાન થતા સેવાકીય, સાંસ્કૃતિક ,પ્રાકૃતિક અને રાષ્ટ્રપ્રેમ જગાડતા પ્રકલ્પો અંતર્ગત યોજાતી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને વાર્ષિક પરિવાર મિલન કાર્યક્રમમાં આમંત્રણ આપી તેમને શિલ્ડ સર્ટિફિકેટ અને મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરે છે. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના તમામ સદસ્યો સહપરિવાર ઉપસ્થિત રહે છે અને સાથે ભોજન કરે છે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે ભારત વિકાસ પરિષદ કેશોદ શાખાને પાંચ વર્ષ પૂર્ણ થતા પાંચમા વર્ષનું વાર્ષિક પરિવાર મિલન સંસ્થાની પ્રણાલી મુજબ વંદે માતરમ થી કાર્યક્રમની શરૂઆત કરી સ્વાગત ગીત અને પ્રમુખશ્રી મહાવીરસિંહ જાડેજા ના સ્વાગત પ્રવચન બાદ સંસ્થાનો ટૂંકો પરિચય નિશાંત તથા જયેન્દ્ર ઉનડકટ દ્વારા આપવામાં આવ્યો હતો ડો સ્નેહલ તન્ના દ્વારા પ્રાસંગિક વાતો કરતા આવેલ ત્યાર બાદ બાળકોની વિવિધ સ્પર્ધાઓના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કૃતિઓ રજુ કરવામા આવેલ કરાટે ચેમ્પિયન બાળકો દ્વારા કરાટેના વિવિધ દાવ અને સ્ટંટના કાર્યક્રમ રજુ થયા હતા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ચૂંટણી પર્વના અનુસંધાને ભારતના લોકશાહીનો મુખ્ય મદાર જેના પર છે એવા મતદારોને મતદાન માટે જાગૃત કરવા માટેનું એક ખુબ સરસ નાટક " આવો મતદાન કરીએ " જગમાલ નંદાણીયા દ્વારા ત્યાર કરવામાં આવેલ જે ભારત વિકાસ પરિષદના જયદિપ સોની અને કારોબારી ટીમ દ્વારા રજૂ કરવામાં આવેલું હતું આ કાર્યક્રમ અંતર્ગત લગભગ ૧૦૦ કરતાં પણ વધારે વિજેતા બાળકોને પ્રોત્સાહિત કરેલા હતા કાર્યક્રમની આભારવિધિ સચિવ દિનેશ કાનાબાર દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત સૌ લોકો એ સહ પરિવાર સાથે ભોજનનો સ્વાદ માણ્યો અને કાર્યક્રમના બીજા સેશનમાં રાત્રે ૯:૦૦ વાગે જામજોધપુરની બાળાઓ દ્વારા વર્તમાન સમયમાં સંતાનો અને મા-બાપ વચ્ચેના એક વૈચારિક ગેપને લીધે બાળકો જ્યારે ખાસ કરીને દીકરીઓ લવજેહાદ ભોગ બને છે કે ઘર છોડીને ભાગે છે ત્યારે મા-બાપની જે પરિસ્થિતિ થાય છે મા-બાપને જે વેદના થાય છે એમનો ચિતાર આપતું એક ખુબ સરસ નાટક "મા બાપ ની વેદના" રજૂ કરવામાં આવેલું હતું આ નાટક સાથે એક ધાર્મિક અને કોમેડી નાટક પણ રજૂ કરેલા હતા. સમગ્ર કાર્યક્રમમાં તમામ સભ્યો નો પ્રત્યક્ષ કે પરોક્ષ ખૂબ સારો સહયોગ રહ્યો હતો તેમ જ છેલ્લા બે દિવસથી કારોબારી ટીમની જહેમતને અંતે આ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ભૂપેન્દ્ર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જલંધર(માળિયા હાટીના)મુકામે રાજગોર સમાજના લોકોની એક મિટિંગનું આયોજન



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૯

માળીયા હાટીના તાલુકાના જલંધર મુકામે રાજગોર બ્રાહ્મણ સમાજ ની વાડીનું ખાતમુહૂર્ત તારીખ ૨૫/૫/૨૪ના રોજ ભારત સાધુ સમાજના પ્રમુખ શ્રી મુક્તાનંદજી બાપુના વરદ હસ્તે થનાર હોઈ તે પ્રસંગે મોરિચક વિસ્તારના ચોવીસ ગામના સમાજના લોકો આપ્રસંગને ભારતીય પરંપરા અનુસાર પૂજ્ય બાપુનું અદકેરું સ્વાગત કરવા એક મિટિંગનું આયોજન બહોળી સંખ્યામાં હાજર રહી કરવામાં આવેલ હતી. સભાની શરૂઆત જલંધર ના વતની અને વિદ્વાન કથાકાર શ્રી મણીભાઈ મહેતાએ સૌ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. સભાની શરૂઆત આનંદધારાના ચાંપરડાના પ્રતિનિધિ શ્રી ભાનુભાઈ જોષી એ સમાજમાં સંગઠન ,શિક્ષણ અને મહિલાઓનું સમાજમાં યોગદાન વિશે સમજ આપી વધુમાં આ પ્રસંગ ભવ્યાતિ ભવ્ય રીતે સંપન્ન થાય તેનું સૌને માર્ગદર્શન આપ્યું હતું.

જૂનાગઢ જિલ્લાના વિભાગીય પ્રમુખ શ્રી મનોજભાઈ વિકમાએ આ કાર્ય પાર પાડવા સૌને અનુરોધ કર્યો હતો. કથાકાર મણીભાઈ મહેતાએ કાર્યક્રમની રૂપરેખા અને વ્યવસ્થાના સંદર્ભે કરવાની થતી કામગીરી સૌને સોંપી હતી. જેતપુર ખાતે વૃદ્ધાશ્રમ ચલાવતા કાળુબાપા જોશી સૌને આગળ વધવા અને સામાજિક કાર્યો કરવા પ્રેરણા આપી હતી. ભોજનના દાતા તરીકે તેમના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ સભામાં આ વિસ્તારના જ્ઞાતિ અગ્રણીઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ બેઠકમાં રાજગોર બ્રાહ્મણ સમાજ ના પ્રમુખશ્રી મહેશભાઈ મહેતા, કથાકાર મણીભાઈ મહેતા, મનુભાઈ દવે, સ્થાનિક પ્રતિનિધિ અનિલભાઈ દવે, મુકેશભાઈ જોશી, ભાનુભાઈ ભરાડ, મીડિયા સેલના કન્વીનર અજયભાઈ તેરૈયા વિગેરેએ હાજરી આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મણીભાઈ મહેતા અને અનિલભાઈ દવેએ કરેલ.

# ખંભાળિયામાં આવતીકાલે ચૈત્રી બીજ નિમિત્તે પાટોત્સવનું ભવ્ય આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયાની આશરે આઠ દાયકા જૂની ધાર્મિક સેવા સંસ્થા શ્રી દેવી ગરબા મંડળના ઉપક્રમે ચૈત્રી બીજ નિમિત્તે બુધવારે ચામુંડા માતાજીના પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. ચૈત્રી બીજ પર્વ નિમિત્તે બુધવાર તારીખ ૧૦ ના રોજ શ્રી દેવી ગરબા મંડળ આયોજિત આ કાર્યક્રમમાં સવારે ચાંદીના પાઠ તેમજ રાત્રે ૧૦ વાગ્યે ગરબાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આશરે આઠ દાયક પહેલા રાજાશાહીના વખતમાં ખંભાળિયાના પીઢ સેવાભાવી રઘુવંશી ગૃહસ્થ ઠા. સુંદરજીભાઈ સવજીભાઈ રાડિયા, અમુભાઈ સંઘવી, ધીરુભાઈ બોડા, નરોત્તમભાઈ મોતા, રમણીકભાઈ ભટ્ટ, પ્રાણલાલભાઈ બોડા સહિતના માઈ ભક્તો દ્વારા વર્ષ ૧૯૪૪ ની સાલમાં જામ સાહેબની ઉપસ્થિતિમાં અત્રે દરબારગઢ વિસ્તાર કે જ્યાં પૂજ્ય શ્રી આશાપુરા માતાજીનું સ્થાનક છે, તે તિલાટ મેડી નામથી પ્રખ્યાત આ સ્થળે ચૈત્રી બીજ ને મંગળવારથી દેવી ગરબા મંડળના સભ્યો દ્વારા આ ગરબા ગાવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

તે પછી આ મંડળ ૧૯૬૩ ની સાલમાં વિવિધ કારણોસર અત્રે મોરલી મંદિર ખાતે આવેલા શ્રી ચામુંડા માતાજીના મંદિરે ગરબાના આયોજન હાથ ધરાયા હતા. તે આજે પણ અવિરત રીતે ચાલુ છે. દર વર્ષે પેઢી દર પેઢી અહીં ચૈત્રી બીજની ઉજવણી કરવામાં આવે છે. ભૂતકાળમાં પીઢ સ્થાપક વડીલોના સંતાનો શૈલેષ ભટ્ટ, જગદીશ બોડા, જગુભાઈ નાકર, વિપુલભાઈ મોતા તેમજ અન્ય માઈ ભક્તો દ્વારા અવિરત રીતે ગરબા ગાવામાં આવે છે.

આગામી બુધવારે અત્રે રાજગોર પાડો ખાતે આવેલી મોરલી મંદિર ખાતે આ ૮૦ માં ઉત્સવમાં સહભાગી થવા ધર્મપ્રેમી માઈ ભક્તોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડના એનિમલ લવર્સ ગ્રુપ દ્વારા વિનામૂલ્યે ચકલી ઘર તથા પાણીના કુંડાનું વિતરણ કરાયું

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ભાણવડ પંથકમાં છેલ્લા ઘણા વર્ષોથી પશુ-પંખીઓના બચાવ તથા સેવા પ્રવૃત્તિઓ સાથે અંધશ્રદ્ધા નિર્મૂલન અને લોક જાગૃતિની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી એનિમલ લવર ગ્રુપ સંસ્થા દ્વારા રવિવારે માટીના ચકલી ઘર તથા પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળામાં પંખીઓને મદદરૂપ થવાના ઉમદા આશયથી



ભાણવડની પશુ સેવા સંસ્થા એનીમલ લવર્સ ગ્રુપ દ્વારા રણજીતપરામાં આવેલા નંદી આશ્રમ ખાતે દાતાઓ તથા સ્વયંસેવકોના સૌજન્યથી આ આયોજન કરાયું હતું. રવિવારે સાંજે માત્ર બે કલાકમાં જ ૧૫૦૦ પાણીના કુંડા તથા ૧૫૦૦ ચકલી ઘર ભાણવડ શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને વિતરણ કરાયા હતા. આ આયોજનમાં સંસ્થાના અશોકભાઈ ભટ્ટ દ્વારા લોકોને તેમના ઘરની આસપાસ તથા અગાસી, પારી પર કુંડામાં પાણી ભરીને રાખવા તથા જ્યાં બિલાડી જેવા પશુઓ ન પહોંચે ત્યાં ચકલી ઘર રાખીને પ્રકૃતિના આ નિર્દોષ જીવ તત્વોને બચાવવાની અપીલ કરવામાં આવી હતી. જેમાં શિવ આશ્રમ સંસ્થાના પણ સદસ્યો તથા સ્વયંસેવકો સહભાગી થયા

# ગુડી પડવો- ચૈત્રી નવરાત્રિ પ્રારંભ નિમિતે શ્રી કષ્ટભંજનદેવ દાદાને પરંપરાગત શણગાર ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ગુડી પડવો- ચૈત્રી નવરાત્રિ પ્રારંભ નિમિતે તા.૦૯-૦૪-૨૦૨૪ને મંગળવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને પરંપરાગત શણગાર કરી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી તથા સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.તેમજ મંદિરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના દર્શન આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

# આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ

(પ્રતિનિધી દ્વારા)


દ્વારકા તા.૯

નવદુર્ગામા અશ્રવ ઉપર સવાર થઈ પૃથ્વી પર પધારશે : બેસતું વર્ષ, ચૈત્ર સુદ એકમ, અખાત્રીજ, દશેરા ચાર વણજોયા મુહૂર્તના દિવસો આવશે : કુળદેવીના મંત્ર જાપ કરવાથી મળશે ઉત્તમફળ

ચૈત્રસુદ એકમને મંગળવારે તા. ૯ ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ મંગળવારે નવરાત્રી શરૂ થતાં હોવાથી નવદુર્ગા માતાજી અશ્રવ ઉપર પધારસે માતાજીની સવારી અશ્રવ હોવાથી યુધ્ધજેવું વાતાવરણ રહે આથી લોકોએ શાંતિ રાખવી જરૂરી છે.વર્ષમાં ચાર વણજોયા મુહુર્તના દિવશો આવે છે. બેસતુ વર્ષ, ચૈત્રસુદ એકમ અખાત્રીજ અને દશેરા પંચાગ પ્રમાણે આ ચાર દિવસોને વણજોયા મુહુર્તના દિવસો કહેવા છે. આથી મંગળવારે કોઈ પણ શુભ કાર્ય થઈ શકે આ દિવશે મુહુર્ત જોવાની જરૂર નથી.

વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. ૧) આસોનવરાત્રી, ૨) મહાનવરાત્રી, ૩) ચૈત્ર નવરાત્રી, ૪)અષાઢ નવરાત્રી તે ઉપરાંત શાંકભરી નવરાત્રી પણ આવે છે. ચૈત્રી નવરાત્રીને રામનવરાત્રી પણ કહેવામાં આવે છે.

આ નવરાત્રી દરમિયાન મા નવદુર્ગા ઉપરસના ઉપરાંત રામચંદ્ર ભગવાનનો ઉપવાસનાનું મહત્વ પણ વધારે છે.આ નવરાત્રીમાં કુળદેવીના મંત્ર જપ કરવા નવાર્ણમંત્રના જપ કરવા ઉત્તમ ફળ આપશે. તે ઉપરાંત ચૈત્રી નવરાત્રી દરમિયાન રામ નામની જપ કરવા રામ ચરીત્રમાનસના પાઠ કરવા સુન્દર કાંડના પાઠ કરવાથી ઘરમાં શાંતિ મળશે વાસ્તુદોશ દુર થશે સાસસારીક જીવનમાં મીઠાસ આવશે.




ચૈત્રી નવરાત્રીનું ઘટ્ટ સ્થાપના મુહુર્ત સવારે ૧૧:૧૫થી ૨ વાગ્યા સુધી લાભ તથા અમૃત ચોઘડિયા દરમિયાન અભિજીત મુહુર્ત બપોરે ૧૨:૨૩થી ૧:૧૩ આ સમય શુભ છે.મંગળવારે ૯ એપ્રીલ પહેલા નોરતે અમૃત સિધ્ધ એપ્રીલ ગણપતી ઉપાસના ગણપતિ દાદાને દુર્વા ચડાવી શનિવારે તા. ૧૩ એપ્ડીલ શ્રી પંચમી લક્ષ્મીપંચમી શ્રીયંગની પુજા કરવી શ્રી સુક્તના પાઠ કરવા ઉત્તમ રવિવારે તા. ૧૪ એપ્રીલ સુર્યષષ્ટી સૂર્ય ઉપાસના સુર્યને અર્ધેબાસ આપવું આદિત્ય હદયના પાઠ કરવા કુળદેવી તથા નવદુર્ગા માતાજીની ઉપાસના કરવી મા રાંદલ માતાજીની પુજા માટે ઉત્તમ દિવસ મંગળવારે તા. ૧૬ એપ્રીલ દુર્ગાષ્ટમી માં દુર્ગા માતાજીને નવરાત્રી દરમિયાન ચડાવવાના નૈવધ : પહેલા નોરતે મંગળવારે ખીરપુરી, બીજા નોરતે બુધવારે પેંડા, ત્રીજા નોરતે ગુરૂવારે શ્રીફળ અથવા તેની વાનગી, ચોથા નોરતે શનિવારે તલની વાનગી, છઠ્ઠા નોરતે રવિવારે ખીર-પુરી, સાતમા નોરતે સોમવારે સાકર ધરાવી, આઠમા નોરતે મંગળવારે દુધીનો હલવો, નવમા નોરતે બુધવારે પંચમૃત અને શિરો

# જામકંડોરણા દલીત સમાજ દ્વારા રૂપાલાના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢી સમસ્ત રાજપુત સમાજને સમર્થન જાહેર કર્યું

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૯

જામકંડોરણા દલિત સમાજએ રૂપાલાના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું અને આ બાબતે સમસ્ત રાજપુત સમાજને સમર્થન જાહેર કર્યું હતું. તેમજ જ્યાં પણ રાજપુત સમાજને સહકારની જરૂર પડશે ત્યાં સહકાર આપવાનો હુંકાર કર્યો હતો. દલિત સમાજ અને રાજપુત સમાજના આગેવાનો દ્વારા ડો. આંબેડકર સાહેબની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર દલિત યુવા વિકાસના પ્રદેશ પ્રમુખ દેવદાનભાઈ મુછડિયા, વસંતભાઈ સોલંકી, એસસી સેલ રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અશોકભાઈ બગડા, મૂળજીભાઈ દફડા, મહેશભાઈ મઢવી, જામકંડોરણા દલિત





સમાજ પ્રમુખ વિજયભાઈ ખુમાણ, મનોજભાઈ બોરિચા, ભરતભાઈ પરમાર, રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજા, કરણી સેના પ્રમુખ હરપાલસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર ગઢડા : ૧૭ દિવસથી ચાલતું આંદોલન સમેટાયું

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૯

ફોરેસ્ટ વિભાગના પોલિસી લેવલના મુદ્દાઓને લઈને ૧૭ માં દિવસે ઉપવાસ આંદોલન સમેટાયું. આ માટે ઉના પ્રાંત, ગીર ગઢડા મામલતદાર,ગીર ગઢડા પી.એસ.આઈ., આરએફઓ બાબરીયા, એ.સી.એફ. જામવાળા તેમજ માજી ધારાસભ્ય પુંજા વંશ અને ગ્રામજનો એ સમજૂતી કરાવી અને જેઠાભાઈ બારૈયાને પારણાં કરાવ્યા હતા. ગીર ગઢડા ખાતે જંગલ વિભાગના સામે છેલ્લા ૧૭ દિવસ થી ઉપવાસ આંદોલન બેસેલા જેઠા ભાઈ બારૈયા એ પારણાં કર્યા હતા.

વિવિધ મુદ્દાઓ અને સેટલમેન્ટના હકોને અને અન્ય પ્રશ્નો માટે ફરેડા ગામના જેઠા ભાઈ બારૈયા ઉપવાસ આંદોલન ઉપર બેસેલા હતા.

ઉના પ્રાંત અધિકારી, ગીર ગઢડા મામલતદાર, ગીર ગઢડા પીએસઆઈ, એસીએફ જામવાળા,અને માજી ધારાસભ્ય પુંજા વંશની સમજાવટ અને રજૂઆત બાદ જેઠાભાઈએ આંદોલન સમેટ્યું હતું.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ચૈત્રી નવરાત્રી પર્વની આજથી ભકિતભાવપૂર્વક પ્રારંભ

## ચૈત્રી નવરાત્રીના મંગલમય પ્રારંભ સાથે અંબાજી માતાજી, રાંદલ માતાજી, ખોડીયાર માતાજી, વાઘેશ્વરી માતાજી, ચામુંડા માતાજી તેમજ ગિરમાં બિરાજતા કનકાઈ માતાજી સહીતનાં વિવિધ સ્વરૂપે બિરાજતાં માતાજીનાં મંદિરોમાં પૂજન, અનુષ્ઠાન સહીતનાં કાર્યક્રમો - ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા











જૂનાગઢ તા. ૯

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજથી ચૈત્રી નવરાત્રી પર્વની આજથી ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે અને શકિત સ્વરૂપા માતાજીના મંદિરોમાં સવારથી જ વિશેષ પૂજા-અર્ચન તેમજ હોમ-હવન સાહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે અને આ સાથે જ આજે માતાજીના મંદિરોમાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા અને ભકિતભાવપૂર્વક શકિતની આરાધનાના આ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

ચૈત્ર સુદ-૧ એટલે કે ચૈત્રી નવરાત્રીનો આજથી મંગલમય પ્રારંભ થયો છે ત્યારે માઈ ભકતો દ્વારા માતાજીની આરાધના માટે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. આ ઉપરાંત માતાજીનાં મંદિરો તેમજ ધાર્મિક સ્થાનોમાં અનુષ્ઠાન સહીતનાં કાર્યક્રમો યોજાઈ રહયા છે. જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિવર્સટી ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિરે આજે સવારથી પૂજન સહિતનાં કાર્યક્રમો યોજાયા છે. અને ભાવિકો દ્વારા દર્શનનો લાભ લીધો છે. આ ઉપરાંત ખામધ્રોળ વિસ્તારમાં આવેલા ખોડીયાર માતાજીનાં મંદિર તેમજ ઉપરકોટ ખાતે આવેલા ખોડીયાર માતાજીનાં મંદિરે પણ પૂજન સહીતનાં કાર્યક્રમો યોજાયા છે. અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો છે. આ ઉપરાંત ગિરનારની ટોચ ઉપર બિરાજતા જગતજનની અંબાજી માતાજીનાં મંદિરે આજે ચૈત્રી નવરાત્રીનાં પ્રારંભ સાથે પૂજન, આરતી સહીતનાં કાર્યક્રમો તેમજ હવન અને અનુષ્ઠાનનાં કાર્યક્રમોનું આયોજન થયું છે. અને ભાવિકો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો છે. આ ઉપરાંત ભવનાથ તળેટી જવાનાં માર્ગ ઉપર આવેલા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજીનાં મંદિરે પણ ચૈત્રી નવરાત્રી નિમિત્તે પૂજન, અર્ચન, આરતી સહીતનાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. અને ભાવિકો દર્શન માટે ઉમટી પડયા છે. આ ઉરાંત ગાયત્રી માતાજી, મહાલક્ષ્મી માતાજી, ચામુંડા માતાજી, રાંદલ માતાજી, મહાકાળી માતાજી સહીતનાં માતાજીનાં મંદિરોમાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. અને ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા છે. આ ઉપરાંત મધ્ય ગીરમાં આવેલા કનકાઈ માતાજીના મંદિરે પણ ચૈત્રી નવરાત્રીની ભાવભેર અને ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે અને વિશેષ પૂજા, હવન, અનુષ્ઠાન સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આપણે ત્યાં આસો માસ, મહા માસ, ચૈત્ર માસ, અષાઢ માસની નવરાત્રી સહિત કુલ પાંચ નવરાત્રી ઉજવવામાં આવે છે અને તેમનું ખુબજ મહત્વ છે. અને શકિતની આરાધનાનાં પર્વમાં માતાજીની આરાધના નિમિત્તે હવન, અનુષ્ઠાન સહીતનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. ચૈત્રી માસની નવરાત્રીનાં પાવન પ્રસંગે આજે જૂનાગઢ શહેરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં વહેલી સવારથી જ ભાવિકો દર્શનાર્થે ઉપટી પડયા હતાં અને સર્વેનાં કલ્યાણની કામના કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં તહેવારોને અનુલક્ષીને પોલીસનું વિવિધ વિસ્તારોમાં ફુટ પેટ્રોલિંગ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેર તથા જીલ્લાભરમાં આવતીકાલથી ચેટીચંદ પર્વની ઉજવણી તેમજ રમજાન ઈદ અને રામનવમીના તહેવારોની લોકો શાંતિપૂર્વક અને કોમી એખલાશ ભર્યા વતાવરણમાં ઉજવણી કરવામાં આવે અને સમગ્ર જીલ્લામાં શાંતિભર્યો માહોલ બની રહે તે માટે જીલ્લા પોલીસ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. આ દરમ્યાન ગઈકાલે તહેવારોને અનુલક્ષીને જૂનાગઢ ડીવાયએસપી હિતેષ ધાધલીયા અને અધિકારીઓની ઉપસ્થિતિમાં જૂનાગઢમાં પોલીસનું ફુટ પેટ્રોલિંગ વિવિધ વિસ્તારોમાં યોજાયું હતું. જૂનાગઢ શહેરમાં પોલીસ દ્વારા આગામી તહેવારોને અનુલક્ષીને બીએસએફ અને સ્થાનિક પોલીસ અધિકારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ચેટી ચાંદ, રમજાન ઈદ અને રામનવમીના તહેવાર આવી રહ્યા છે જેથી તમામ તહેવારો ભાઈચારાથી અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસ દ્વારા જૂનાગઢ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ડીવાયએસપીની સાથે જુદા જુદા ડિવિઝનના પીઆઈ, પીએસઆઈ તેમજ બીએસએફ પ્લાન્ટુન અને ગર્વ ટીમ દ્વારા શહેરના સુખનાથ ચોક, ઝાલોરાપા, માંડવી ચોક, આઝાદ ચોક એમ જી રોડ અને કાળવા ચોક સુધી ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું હતું કે, આવનાર સમયમાં તહેવારોને ધ્યાને જૂનાગઢ નેત્રમ શાખા તેમજ સોશ્યલ મીડિયાની ટીમ દ્વારા ખાસ તમામ ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવશે. સાથે શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં સોશ્યલ મીડિયા સેલ પણ શરૂ કરવામાં આવ્યું છે. જેથી કોઈપણ પ્રકારનું કોમી વૈમનસ્ય ન ફેલાય તે માટે ટીમો કાર્યરત રહેશે અને ગેરકાયદેસર કૃત્ય કરનાર શખ્સો સામે કડકમાં કડક કાર્યવાહીની સુચના આપવામાં આવી છે.

# ગીર સેન્ચ્યુરીમાં સફારી રૂટ ઉપર બાઈક ભગાવી ૬ સિંહોની પજવણીનો વિડીયો વાયરલ : તપાસના આદેશો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

એશિયાટીક સિંહોના રહેઠાંણ અને જયાં મુકત મને વનરાજો વિહરી રહ્યા હોય ત્યાં પણ ફરી એકવાર શાંતિથી વિહરી રહેલા ૬ સિંહોની નજીક જઈ અને બાઈક ભગાવી અને પજવણી થયાનો વિડીયો વાયરલ થયો છે અને આ ઘટના અંગે ઉચ્ચકક્ષાએથી તપાસના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, ગીર સેન્ચ્યુરીમાં સફારી રૂટ ઉપર વન વિભાગના સ્ટાફની હાજરી વચ્ચે છ સિંહોની નજીકથી એક બાઈક ઉપર આવેલા બે શખ્સોએ પસાર થઈને સિંહોને ભગાડી મુકતા હોય તેવો વિડીયો વાયરલ થતા સીસીએફ દ્વારા આ ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે. આ બાબતે સીસીએફ આરાધના શાહુએ જણાવ્યું કે, આ ઘટના રવિવારની હતી અહીના ગીર સેન્ચ્યુરી ટુરીઝમ વિસ્તારમાં એક તરફ પર્યટકોની સફારી ઉભી હતી અને સામે છ સિંહનો એક પરિવાર સફારી રૂટ ઉપર ઉભો હતો. ત્યારે વન વિભાગનો સ્ટાફ પણ સ્થળ ઉપર હાજર હતો તે સમયે અહીં ખુંટણી પાણીના પોઈન્‌૭ પાસે વાહનોને સ્ટાફે અટકાવી રાખ્યા હતા. પરંતુ એક બાઈક નંબર જીજે-૧૧-પીપી-૭૩૭૨માં બેઠેલા બે શખ્સો જેઓને પણ અટકાવી રાખ્યા હતા પરંતુ તેઓએ સ્ટાફની સુચનાનો અનાદર કરીને પોતાનું બાઈક સિંહોની નજીકથી પસાર કરીને નેસ તરફ જતા રહ્યા હતા. જેના પરિણામે રસ્તા ઉપર ઉભેલા સિંહ પરિવાર જંગલમાં જતું રહ્યું હતું. આ ઘટનાનો વિડીયો વાયરલ થયો અને અમારે ધ્યાને આવતા તે અંગે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. હાલ તો આ વિડીયો અંગે ગીર પશ્ચિમના રેંજ ફોરેસ્ટર ઓફિસરને તપાસ સોંપવામાં આવી છે અને તેનું સુપરવિઝન એસીએફ કરી રહ્યા છે. તેમની ઈન્કવાયરી પુર્ણ થયા પછી જે રીપોર્ટ આવશે તે મુજબ જવાબદાર સામે પગલા લેવામાં આવશે.

# જૂનાગઢમાં અગન વર્ષા તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

## બપોરના ૧૨થી સાંજના સાત સુધી આકરા તાપ વચ્ચે શેકાયુ જનજીવન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્રભરમાં તાપમાનનો પારો ફરી ઉચકાયો છે અને આકાશમાંથી અગન વર્ષા વરસી રહી છે જેને લઈને જનજીવન અકળાયું છે. માર્ચ મામાં ઉનાળાએ પોતાનો આકરો મિજાજ દર્શાવી આપ્યા બાદ એપ્રિલ માસની શરૂઆત પણ આકરી રહી છે. ચૈત્રી માસમાં આકરો તાપ વરસતો હોય છે એટલું જ નહી મે તથા જુન માસમાં ગરમી સખ્ત પડશે તેવી આગાહી અગાઉથી કરવામાં આવી છે. તે મુજબ એપ્રિલથી શરૂઆત સાથે જ આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે. દરમ્યાન જૂનાગઢ સહિત સોરઠમાં સખ્ત તાપ વચ્ચે જનજીવન પ્રભાવિત બન્યું છે. બાર દિવસ બાદ તાપમાનનો પારો ગઈકાલે ૪૦.૨ રહ્યો હતો. જૂનાગઢમાં બપોરના ૧૨ થી લઈ સાંજના ૭ વાગ્યા સુધી સખ્ત તાપ વરસી રહ્યો હતો. લોકો જરૂર પુરતા જ બહાર નીકળે તેવી સ્થિતિ સર્જાઈ હતી. દરમ્યાન આજે સવારના ભાગે જૂનાગઢનું મહતમ તાપમાન ૨૫.૪, લઘુતમ ૨૨.૭, ભેજ ૭૮ ટકા અને પવનની ગતી ૨.૫ રહી છે. જેમ જેમ દિવસ ચડતો જશે તેમ તાપમાનનો પારો ઉચકાશે અને ૪૦ ડિગ્રીની આસપાસ તાપમાન રહયું હતું.

# ઈદગાહ મસ્જીદ ખાતે ઈદની નમાજ

જૂનાગઢ તા. ૯ : જૂનાગઢનાં સરદારબાગ ખાતે આવેલ શાહી ઈદગાહ મસ્જીદ ખાતે રમજાન ઈદ (ઈદુલફીત્ર)ની નમાજ સવારે ૮.૧૫ કલાકે થશે. ઈદની નમાજમાં મુસ્લીમ બિરાદરોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જૂનાગઢની જુમા મસ્જીદનાં નાયબ ઈમામ અમીન બાપુ કાદરીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં ઝડપાયેલ ભેળસેળ યુક્ત આર્યુવેદિક શીરપ પ્રકરણમાં ૧૦ મહિના બાદ ગુનો દાખલ : તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં આર્યુવેદિક શીરપની બોટલોમાં આલ્કોહોલ તેમજ કેમિકલ ભેળવી અને આ ભેળસેળ વાળુ શીરપ પીવાથી માણસનું મૃત્યું થવાની પુરેપુરી સંભાવના હોવાનું જાણવા છતાં આર્યુવેદિક શીરપમાં આલ્કોહોલ સહિતનું દ્રવ્ય મેળવી અને ભેળસેળ કરી અને ભેળસેળ યુક્ત શીરપને વેંચાણ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરૂ કરવા અંગે આખરે પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવેલ છે. જેને લઈને ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ગત તા.૯-૬-૨૦૨૩ કલાક ૧૮ના સમયગાળા દરમ્યાન જોષીપરા, આંબાવાડીમાં, આશીયાના સોસાયટી આગળ રોડ ઉપર ઓમ શિવ પાન એન્ડ કોલ્ડ્રીકસ નામની દુકાન તથા આ કામના આરોપી મુકેશભાઈ ઘનશ્યામભાઈ બજાજ સિંધી રહે.જોષીપરા, આંબાવાડી, આશીયાના સોસાયટી, બ્લોક નં-બી-૨૭વાળાનાં મકાને બનેલા બનાવમાં વિવિધ કંપનીઓના આર્યુવેદિક શીરપ ઝડપાયેલ. વધુમાં મળતી વિગત અનુસાર શીરપ આ કામના આરોપી નં-૨ આદીલભાઈ દાઉદભાઈ મુલ્લા નાગોરી રહે.જુની સિવીલ હોસ્પિટલ, રહેઠાણ ફળીયા, જૂનાગઢ વાળાએ આ કામના આરોપી નં-૩ લખધીરસિંહ જાડેજા રહે.ભાવનગર, સીદસર રોડ, કાળીયા બીડ વાળા પાસેથી મંગાવી અને આ આર્યુવેદિક શીરપના જથ્થામાંથી આરોપી નં-૧ મુકેશભાઈ ઘનશ્યામભાઈ બજાજને છુટક વેંચાણ માટે આપી આ આર્યુવેદિક શીરપ ઈથાઈલ આલ્કોહોલ તથા આઈસો પ્રોપાઈલ આલ્કોહોલ યુક્ત ભેળસેળ વાળુ કે જે બોટલો ૧૦૦ ટકા હર્બલ ન હોવા છતાં લોકો સાથે વિશ્વાસઘાત કરી તથા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાના ઈરાદે કે અખાદ્ય હોય જેનો ઉપયોગ કેમિકલ પ્રોડકટ તરીકે તથા હેન્ડસેનેટાઈજરમાં થતો હોય જે વધુ પડતું પીવાથી માણસનું મૃત્યું થવાની પુરી સંભાવના હોવાનું જાણવા છતાં આર્યુવેદિક બોટલોમાં ઉમેરી નાગરિકો સાથે વિશ્વાસઘાત કરી માનવ જીવનને નુકસાનકારક કેમિકલ તથા ઈથાઈલ આલ્કોહોલ તથા આઈશો પ્રોપાઈલ ઉમેરી વેંચાણ કરવાના ઈરાદે ગુનાહિત કાવતરૂ રચી અને ગુનો કર્યા અંગે ત્રણેય આરોપીઓ તેમજ તપાસમાં જે ખુલ્લે તે તમામ સામે ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ ડી.કે. ઝાલાએ જાતે ફરિયાદી બની અને ગુનો દાખલ કરેલ છે. ત્યારે આ બનાવ અંગે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૨૭૨, ૨૭૩, ૪૦૬, ૧૨૦(બી), પ્રોહી. એકટ કલમ ૬૫ ઈ, ૮૧, ૮૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એમ. વાળા ચલાવી રહ્યા છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.